ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૬૨ । વિક્રમ સંવત ૨૦૮૦ : આસો સુદ ૦૧ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 62 • Dt. 03-10-2024 Thursday • Page 10 • Price : Rs. 4 • City Office : Lok Patrika Media House, 72, City Centre, Nr. Swastik Cross Road, C.G. Road, Navrangpura, Ahmedabad 380009 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

03 OCTOBER- 2024 THURSDAY



P.09
જયપુરમાં તૃપ્તિ ડિમરીના પ્રમોશન ઈવેન્ટમાં ભારે હંગામો થયો



P.09
અનન્યા પાંડેના મતે ડીપફેક વીડિયો રોકવા સરકારી નીતિ આવશ્યક

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ફોન આવ્યો હતો, પરંતુ મેં વાત ન કરી



09



09
અમે પશ્ચિમ એશિયામાં સુરક્ષા સ્થિતિ બગડવાથી ખૂબ જ ચિંતિત છીએ !




**શેરબજારનું ગેરકાયદેસર રેકેટ** | પોલીસે ૧૩ લોકો સામે ફરિયાદ નોંધી, ત્રણ શખ્સોની ધરપકડ, ૧૦ ફરાર થઈ ગયા

# મહેસાણામાંથી ફરી ડબ્બા ટ્રેડિંગ ઝડપાયું

। પ્રતિનિધિ, મહેસાણા,તા.૨ ।

મહેસાણામાં ગેરકાયદેસર ડબ્બા ટ્રેડિંગ ફરી પાછું ઝડપાયું છે. વિસનગર અને ખેરાલુમાંથી ડબ્બા ટ્રેડિંગ ઝડપાયું છે. આમ શેરબજારનું રેકેટ ગેરકાયદેસર ચાલી રહ્યુ છે. મોબાઈલો સહિતનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. બે જુદા-જુદા ગુનામાં ૧૩ લોકો સામે ફરિયાદ થઈ છે. પોલીસે આ કેસમાં ત્રણની ધરપકડ કરી છે અને ૧૦ ફરાર છે.

આમ મહેસાણા જિલ્લામાં શેરબજારનું ડબ્બા ટ્રેડિંગ બંધ થતું નથી. વિસનગરની દેવભૂમિ સોસાયટીના મકાન નંબર ૯ માંથી ડબ્બા ટ્રેડિંગ ઝડપાયું છે. આ ઉપરાંત ખેરાલુ મલારપુરા ગામની સીમમાં આ ટ્રેડિંગ ઝડપાયું છે. મહેસાણા જિલ્લાને હચમચાવી મુકનાર ડબ્બા ટ્રેડિંગ મામલે ગૃહ વિભાગના નિર્દેશ બાદ ગાંધીનગર રેન્જ આઈ જી દ્વારા એસ આઈ ટી ની રચના કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે મહેસાણા જિલ્લામાં વડનગર, ખેરાલુ, સતલાસણા ડબ્બા ટ્રેડિંગનું એપી સેન્ટર છે.છેલ્લા બે વર્ષમાં ઉત્તર પ્રદેશ,હરિયાણા,રાજસ્થાન અને દિલ્હી જેવા રાજ્યના શેર બજારના રોકાણકારોને ટાર્ગેટ કરી કરોડોની ઠગાઈ થઈ હોવાના આ કૌભાંડમાં હવે ચોંકાવનારા ખુલાસા થયા છે.સિટેવડનગર,વિસનગર,ખેરાલુમાં અને સતલાસણા તાલુકામાં બેરોજગાર યુવાનોને ટાર્ગેટ કરી ગેરકાયદે કોલ સેન્ટર ચલાવી ઠગાઈ આચરવાનું આ કૌભાંડ કોઈ ફિલ્મી કહાનીની કમ નથી. બેરોજગાર યુવાનોને ટાર્ગેટ કરી ખુલ્લા ખેતરોમાં ચાલતા કોલ સેન્ટરો દ્વારા ઠગાઈનો આંક ૧૦૦ કરોડ કરતા પણ વધુ હોવાનો પણ પોલીસ દ્વારા અંદાજ મુકવામાં આવ્યો છે.

## પોલીસ તપાસ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી

ગઠિયાઓએ ગામડાના ગરીબ લોકોને ૨૦૦૦ રૂપિયા આપવાની લાલચ આપી ડોક્યુમેન્ટ મેળવી લઈ ૪૨ જેટલા એકાઉન્ટ ખોલી ૨૭ કરોડ રૂપિયાનું ટ્રાન્સજેક્શન થયું હોવાનું હાલ પોલીસ તપાસમાં સામે આવ્યું છે.આ તમામ એકાઉન્ટ મહેસાણા જિલ્લાની બેંકોમાં ખોલવામાં આવ્યા હોવાનું અને ગઠિયાઓએ રોકડ રકમ ઉપાડી લીધી હોવાનો પણ ખુલાસો થયો છે.તો હજુ પણ ૯ કેસની તપાસ બાકી છે.જેમાં ઠગાઈનો આંક ૧૦૦ કરોડને વટાવી જાય તેવી શક્યતા છે.વિસનગર, વડનગર, ખેરાલુ અને સતલાસણા ચાર તાલુકાઓમાં શેરબજારના નામે લોકોને ટિપ્સ આપી ખાનગી મકાન, ખેતર અને કારમાં બેસી મેળવેલ કોન્ટેક્ટ લિસ્ટના સંપર્કો કરી આ કૌભાંડ આચરવામાં આવ્યું છે.

**કારમાંથી મળ્યા ૫ લાખ રોકડા, પિસ્તોલ**

# મોરબીમાં કારમાં આગ ભભૂકી ઉઠતા બિઝનેસમેનનું કમકમાટીભર્યું મોત

**કાર સળગી ઉઠી ત્યારે તેના દરવાજા લોક થઇ ગયા, જેથી આગના કારણે તેમનું મૃત્યુ નીપજ્યું**

। પ્રતિનિધિ, મોરબી,તા.૨ ।

કારમાં અવારનવાર આગ લાગવાની ઘટનાઓ બનતી હોય છે. ત્યારે મોરબીના લીલાપર નજીક અચાનક કોઈ કારણસર કાર અચાનક ભડભડ સળગી ઉઠી હતી. આ દરમિયાન કારમાં સવાર યુવા ઉદ્યોગપતિ બહાર નીકળી ન શકતા આગમાં ભૂંજાઈ ગયા હતા. કાર સળગી ઉઠી ત્યારે તેના દરવાજા લોક થઈ ગયા હતા, જેથી ગુંગળામળ અને આગના કારણે તેમનું મૃત્યુ નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં ફાયરની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી અને સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. ત્યારબાદ મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે



હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.અજય ગોપાણી સિરામિક ક્ષેત્રના જાણીતા ઉદ્યોગપતિ છે. મોરબીના લીલાપર રોડ ઉપર લીલાપર ગામ પાસે જ બપોરના સમયે કિયા સેલટોસ કાર લઈને જઈ રહ્યા હતા તે દરમિયાન કાર અચાનક ભડભડ સળગી ઉઠતા કારમાં સવાર કાર ચાલક અજય ગોપાણી સળગી જતા મૃત્યુ નિપજતા અરેરાટી વ્યાપી જવા પામી છે. કાર આગ લાગી હોવાની જાણ થતાં આસપાસના વિસ્તારમાં લોકો દોડી આવ્યા હતા. આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો અને ફાયર બ્રિગેડને જાણ કરતાં ફાયર વિભાગની ટીમ તથા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયરની ટીમે સતત ૫ ણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવી લીધો હતો.ગાડીમાંથી એક થેલો મળ્યો છે જેમાંથી પાંચ લાખ રૂપિયા રોકડા, એક પિસ્તોલ, આઠ મોબાઈલ અને એક ઘડિયાળ મળી આવી છે. જે તમામ મુદ્દામાલ મૃતક યુવાનના કૌટુંબિક ભાઈને સ્થળ ઉપર જ પોલીસની હાજરીમાં આપવામાં આવ્યા હતા.






## ગૂજરાત વિદ્યાપીઠમાં પૂજ્ય ગાંધીજીની ૧૫૫મી જન્મ જયંતીની ભવ્ય અને ભાવસભર ઉજવણી

# માનવતા અને વિશ્વ કલ્યાણ માટે 'સત્ય' અને 'અહિંસા'નું પૂજ્ય બાપુનું આહ્વાન વિશ્વને સુખના માર્ગે લઈ જશે

### વિવિધ દેશો વચ્ચે વૈમનસ્ય અને યુદ્ધની સ્થિતિ છે ત્યારે આખા વિશ્વને 'ગાંધી વિચાર'ની તરસ છે : આચાર્ય દેવવ્રતજી

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૦૧ ।

પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૫મી જન્મ જયંતી એ ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, "મેરા જીવન હી મેરા સંદેશ હૈ." પૂજ્ય બાપુનું આ કથન જીવન વ્યવહારમાં ઉતારવાની આવશ્યકતા છે. માનવતા અને વિશ્વ કલ્યાણ માટે 'સત્ય' અને 'અહિંસા' માટેનું તેમનું આહ્વાન વિશ્વને સુખના માર્ગે લઈ જશે.

ગૂજરાત વિદ્યાપીઠમાં ગાંધી જયંતીની ઉજવણી અંતર્ગત અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગાંધી ગ્રામજીવન પદયાત્રાનો શુભારંભ કરાવ્યો હતો. વિદ્યાપીઠના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સેવકો સાથે






૧૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ તારીખ ૨૧ થી ૨૬ ઑક્ટોબર દરમિયાન ગુજરાતના ૧૮,૦૦૦ જેટલા ગામોમાં પદયાત્રા કરશે અને સ્વાસ્થ્ય, સમૃદ્ધિ તથા સંપદાના સંરક્ષણ માટેના પ્રાકૃતિક ખેતી મહાઅભિયાન માટે ખેડૂતો-ગ્રામજનોને પ્રેરણા અને પ્રશિક્ષણ આપશે. ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશની ચિંતા કરીને સમગ્ર દેશમાં પ્રાકૃતિક ખેતી અભિયાનનો વ્યાપ વધારવા પ્રયત્નશીલ છે ત્યારે ગૂજરાત વિદ્યાપીઠના પ્રાકૃતિક ખેતી મહાઅભિયાનથી ગ્રામીણ પરિવારોની સૌથી મોટી સેવા થશે, ગામડાં સમૃદ્ધ થશે.

પૂજ્ય ગાંધીજીએ કહ્યું છે કે, ભારતના વિકાસનો માર્ગ ગામડાઓમાં થઈને નીકળે છે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ પૂજ્ય ગાંધીજીના આ અવતરણને ટાંકીને કહ્યું હતું કે, ગ્રામ વિકાસ અને અંત્યોદયથી જ ભારતને સમૃદ્ધ અને વિકસિત બનાવી શકાશે. ગામનો પૈસો ગામમાં રહે અને શહેરનો પૈસો પણ ગામમાં આવે તો ગ્રામ વિકાસ થાય. 'સાદું જીવન અને ઉચ્ચ વિચારો' - પૂજ્ય બાપુના વ્યવહારમાં રહેલી સાદગી અને તેમના વિચારોથી આખું વિશ્વ આજે તેમને આદરપૂર્વક નમન કરે છે. વિશ્વમાં માનવતારહિત વિચારોને કારણે વિવિધ દેશો વચ્ચે વૈમનસ્ય અને યુદ્ધની સ્થિતિ છે ત્યારે આખા વિશ્વને 'ગાંધી વિચાર'ની તરસ છે.પૂજ્ય ગાંધીજી પ્રાકૃતિક જીવન જીવતા હતા, એમ કહીને શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, પ્રકૃતિ માનવની તમામ જરૂરિયાતની પૂર્તિ કરી શકે છે, તેની લાલચની પૂર્તિ કરી શકતી નથી. મનુષ્યએ પોતાની લાલચની પૂર્તિ માટે પ્રકૃતિનું શોષણ કર્યું છે. તેનું જ પરિણામ ગ્લોબલ વૉર્મિંગ છે. પ્રાકૃતિક ખેતી પ્રકૃતિની સંપદાના સંરક્ષણનું અભિયાન છે. સ્વાસ્થ્ય અને સમૃદ્ધિનું અભિયાન છે. પ્રદૂષણ દૂર થશે. એક કામથી અનેક લાભ થશે. તેમણે પ્રાકૃતિક ખેતી વિશે વિદ્યાર્થીઓને વિસ્તૃત સમજણ આપી હતી.

## સુરતમાં યોગી મોડલ અમલમાં લાવવાની માગ કરવામાં આવી

। પ્રતિનિધિ,સુરત,તા.૦૨ ।

સુરતમાં પણ ઉત્તર પ્રદેશમાં લાગુ કરવામાં આવેલા નિયમ જેવી માગ કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશની જેમ સુરતમાં પણ હોટલ પર માલિકનું નામ લખવાની માગ કરવામાં આવી છે. ભાજપના કોર્પોરેટર વિજય ચોમાલે હોટલ પર માલિકનું નામ લખવાની માગ કરી છે.નવરાત્રીમાં મોટાભાગના લોકો ગરબા રમીને ઘરે પરત ફરતી વખતે બહાર નાસ્તો કરતા હોય છે. તેમજ ઠંડા પીણાની મજા માણવાનું પસંદ કરતા હોય છે. પરંતુ કેટલીક વાર ખાણી – પીણીની લારી કે હોટલ, કેફેના નામ અલગ હોય છે અને તેના માલિકનું નામ અલગ હોવાની ઘટના બનતી હોય છે. જેના પગલે સુરતમાં પણ ઉત્તર પ્રદેશમાં લાગુ કરવામાં આવેલા નિયમ જેવી માગ કરવામાં આવી છે.ઉત્તર પ્રદેશની જેમ સુરતમાં પણ હોટલ પર માલિકનું નામ લખવાની માગ કરવામાં આવી છે. ભાજપના કોર્પોરેટર વિજય ચોમાલે હોટલ પર માલિકનું નામ લખવાની માગ કરી છે.

## માંડા ડુંગર વિસ્તારમાં દેશી દારુ બનાવતી ભઠ્ઠી પર દરોડા

। પ્રતિનિધિ, રાજકોટ,તા.૦૨ ।

રાજ્યમાં નશાકારક પદાર્થ પર પ્રતિબંધ હોવા છતા અવારનવાર નશાકાર વસ્તુઓ ઝડપાતી રહે છે. ત્યારે રાજકોટમાં દેશી દારુ બનાવતી ભઠ્ઠી ઝડપાઈ હોવાની ઘટના સામે આવી છે. માંડા ડુંગર વિસ્તારમાં દેશી દારુની ભઠ્ઠી ધમધમતી હોવાનું સામે આવ્યુ હતુ. પીઠડ આઈ સોસાયટીની અંદર જ દારુ તૈયાર કરવામાં આવતો હતો. ત્યાર બાદ અલગ અલગ ફ્લેવરમાં દેશી દારુના પાઉચ બનાવવામાં આવતા હતા.ઓરેન્જ અને વરીયાળી ફ્લેવર્સનો પણ દેશી દારૂ બનાવવામાં આવતો હતો. પીસીબીએ બાતમીના આધારે દરોડો પાડીને મહેશ કરમશી ડાભી નામના શખ્સની ધરપકડ કરી છે.પોલીસે ૧૧૪ લીટર દારૂ, હેન્ડ ઓપરેટર સેલર પંચ સિલીંગ મશીન સહિતની વસ્તુઓ જપ્ત કરી છે. આ ઉપરાંત પાઉચ બનાવવાના પ્લાસ્ટિકના રોલ, વિવિધ ફ્લેવરની બોટલો સહિત ?૨૪ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

## સાબરકાંઠામાં સગી જનેતાએ બાળકની હત્યા કરતા ચકચાર

। પ્રતિનિધિ, હિંમતનગર,તા.૨ ।

સાબરકાંઠામાં સગી જનેતાએ બાળકની હત્યા કરી છે. ગુમ થયેલા બાળક અંગે પોલીસે તપાસ કરતાં માતા જ હત્યારી નીકળી હતી. ખેતમજૂરી કરતાં પરિવારનું બાળક ગુમ થયું હતું. ૧૫ દિવસના બાળકને ઉપાડી ગયાની રજૂઆત કરવામાં આવી હતી. ૧૫ દિવસના બાળકને ઉપાડી ગયાની રજૂઆત હતી. બાળકને અજાણ્યા લોકો ઉપાડી ગયાની રજૂઆત હતી. પોલીસે કુટુંબીજનોની પૂછપરછ કરી હતી. છેવટે પોલીસની ઉલટ તપાસમાં સગી જનેતા જ હત્યારી નીકળી હતી. જનેતાએ જ કૂવામાં બાળકને ફેંકી દઈને ગુમ હોવાનું નાટક કર્યુ હતું. પોલીસની હાજરીમાં બાળકને કૂવામાંથી બહાર કાઢવામાં આવશે. ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટ્યા છે. પોલીસે શા માટે બાળકની માતાએ હત્યા કરી તેની તપાસ આદરી છે. ઘરકંકાસ છે કે પ્રેમસંબંધ છે તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે. આ બનાવના પગલે લોકો કળિયુગી માતા પર ફિટકાર વરસાવી રહ્યા છે. તેની સાથે કહી રહ્યા છે કે માતા જ કુમાતા નીકળી અને બાળકને ખતમ કરી નાખ્યો. આટલા નાના બાળકનો ગુનો શું હતો.આ પહેલા અગાઉ અમરેલીમાં બનેલી ઘટનામાં દાહોદ જિલ્લાના મૂળ રહેવાસી મનીષાબેન બામણીયાએ પ્રેમ સંબંધની વળગણમાં આવીને પોતાના દોઢ માસના માસુમ બાળકને પાણીની ટાંકીમાં ડુબાડી હત્યા કરી નાખી છે.

## અહીં રહેતા કેટલાક વડીલોએ નેત્રદાનની પણ તૈયારી બતાવી

# અમદાવાદના લાંભા આવેલા જીવનધારા વૃદ્ધાશ્રમમાં ૧૧ વડીલો પિંડદાન કરશે

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૦૨ ।

અમદાવાદ શહેરથી ૧૨ કી. મી. દૂર આવેલ લાંભા ગામમાં કદાચ અમદાવાદ શહેરનું સૌથી મોટું વૃદ્ધાશ્રમ આવેલ છે જ્યાં હાલમાં ૨૮૦ થી વધુ વડીલો આશ્રય લઈ રહ્યા છે. જેમાંથી ૩૦ વડીલોના સંતાન ન હોવાના કારણે ભાદરવા વદ અમાસે પિતૃ શ્રાદ્ધના દિવસે ૩૦ જેટલા વડીલો પિંડદાન કરનાર છે. આમ તો સ્વાભાવિક રીતે પિંડદાન એમના વંશજ જ કરતા હોય છે પરંતુ તેઓ ની સંતાન હોવાના કારણે પોતાના હાથે જ પિંડદાન કરનાર છે. આ અંગે વધુ માહિતી આપતા જીવનધારા વૃદ્ધાશ્રમ ના ટ્રસ્ટી શ્રી સંદીપ શાહે જણાવ્યું હતું કે વૃદ્ધાશ્રમ માં કેટલાક વડીલો એવા છે જેમને સંતાન નથી . ત્રણેક વર્ષ અગાઉ પણ ૧૧




વડીલો એવા છે જેમણે પિતૃ પક્ષમાં પિંડદાન કર્યું હતું, આ વર્ષે પણ ૩૦ વડીલો પિંડદાન કરનાર છે, તેમજ ૨૦ મહિલા અને ૧૦ વૃદ્ધો દેહદાન કરનાર છે. તેઓ કહે છે કે મારે આગળ પાછળ કોઈ સંતાન જ નથી તો અમારો દેહ અગ્નિ દેવતાને સમર્પિત કરવાને બદલે જરૂરિયાત મંદને આપીએ તો મોટું પુણ્ય મળે. જ્યારે અહીં રહેતા કેટલાક વડીલોએ નેત્રદાનની પણ તૈયારી બતાવી છે. છેલ્લા ચાર વર્ષથી આશ્રય લઈ રહેલા ૭૪ વર્ષના એક વડીલ મુરબ્બીએ જણાવ્યું કે મારે કોઈ સંતાન ન હોવાથી હું મારું પિંડદાન જાતે જ કરીશ. અંતમાં સંદીપ શાહ એ જણાવ્યું કે વૃદ્ધાશ્રમમાં રહેતા વડીલોને તબીબી સારવાર મળી રહે તે માટે ૨૪ કલાક ડોક્ટરની પણ વ્યવસ્થા છે. વડીલોના અંતિમ સંસ્કાર પણ અહીં જ સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

## સાબરકાંઠામાં અકસ્માત બાદ દોઢ કરોડની લૂંટ

। પ્રતિનિધિ,પ્રાંતિજ,તા.૨ ।

સાબરકાંઠામાં અકસ્માત બાદ લૂંટની ઘટનાથી સનસનાટી મચી ગઈ છે. કારે પલ્ટી ખાધા બાદ કારમાં દોઢ કરોડ ભરેલા બે થેલા લૂંટારુઓ લૂંટી ગયા હતા. કારચાલકે લૂંટ થયાની પોલીસને જાણ કરી હતી. પોલીસે કારચાલકની ફરિયાદના પગલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસ ટીમોમાં સ્થાનિક પોલીસ અને એલસીબીએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.સાબરકાંઠાના પ્રાંતિજમાં લૂંટના બનાવના પગલે પોલીસે સમગ્ર જિલ્લાની નાકાબંધી કરી છે. દરેક નાકા પર વાહનોનું ચેકિંગ થવા માંડ્યું છે. આ ઉપરાંત પોલીસે તેના બાતમીદારોની ફોજ પણ સક્રિય કરી દીધી છે. પોલીસને ટૂંક સમયમાં જ આરોપીઓના સગડ મળે તેવી આશા છે.પોલીસને શંકા છે કે આ અકસ્માત પણ કદાચ લૂંટના કાવતરાના આયોજનનો હિસ્સો હોઈ શકે.આમ પોલીસ આ પાસા પર પણ તપાસ કરી રહી છે. તેથી અકસ્માત કેવી રીતે સર્જાયો અને કાર કેવી રીતે ઉલ્ટી થઈ ગઈ તે પણ જોઈ રહી છે.

## અમદાવાદમાં આરટીઇ બાળકો સાથે ભેદભાવ જારી

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૦૨ ।

અમદાવાદમાં આરટીઈના બાળકો સાથે ભેદભાવ જારી છે. પૂના ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા બાળકો સાથે ભેદભાવ કરવામાં આવી રહ્યો છે. બાળકો પાસે ૧૦ હજાર રૂપિયાની ફી માંગતા વિરોધ થયો હતો. અગાઉ પણ આરટીઈના બાળકો પાસે ફી માંગતા વિરોધ થયો હતો.આજે ફરીથી આરટીઈના બાળકો પાસે ફી માંગતા વિરોધ થયો છે. આજે સ્કૂલ ફરીથી આરટીઈના બાળકોને હેરાન કરતી હોવાનું સામે આવ્યું છે. બાળકોને વોશરૂમ ના જવા દેવાનો વાલીનો આરોપ છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર જિલ્લાના ઝૂંડાલની પુના ઈન્ટરનેશલ સ્કૂલ આ પહેલા પણ આરટીઈ બાળકો સાથે ભેદભાવને લઈને વિવાદમાં આવી ચૂકી છે.સ્કૂલના સંચાલકો દ્વારા આરટીઈ હેઠળ પ્રવેશ મેળવેલ બાળકો સાથે ભેદભાવ કરવામાં આવતાં વિવાદ સર્જાયો છે.



### દૂર દૂરથી માઇભક્તો હજારોની સંખ્યામાં આવે છે

# નવરાત્રીને લઈને શક્તિપીઠ અંબાજીમાં દર્શન અને આરતીનો સમય બદલાયો

**ગુરૂવારે ઘટ સ્થાપન આસો સુદ-૧(એકમ) ગુરૂવાર ના સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦ કલાકે કરવામાં આવશે**

। પ્રતિનિધિ, અંબાજી, તા.૨ ।

નવરાત્રીને લઈને રાજ્યના વિવિધ મંદિરોમાં માતાજીના દર્શન તેમજ આરતીના સમયમાં ફેરફાર કરાયો છે. ત્યારે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં ઋતુ પ્રમાણે ફેરફાર થવાથી અંબાજી માતા મંદિર, અંબાજીમાં યાત્રાળુઓની સગવડતા ખાતર આસો સુદ-૧ (એકમ) તારીખ ૩ ઓક્ટોબર, ગુરુવારના રોજથી આરતી તથા દર્શનના સમયમાં ફેરફાર થયાની જાણ કરવામાં આવી છે. માં અંબાના દર્શન કરવા આવતા ભક્તો માટે અંબાજી ટ્રસ્ટ દ્વારા અંબાજી મંદિરમાં કરવામાં આવતી આરતી અને દર્શનનો સમય જાહેર કરાયો છે.




ગુજરાતનું સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી દેશ વિદેશમાં વિખ્યાત છે. માં જગતજનની જગદંબાનું આ શક્તિપીઠ અંબાજી મંદિર ગોલ્ડન ટેમ્પલ તરીકે પણ ઓળખ ધરાવે છે. કરોડો લોકોની આસ્થાનું કેન્દ્ર ગણાતુમાં જગદંબાના મંદિરમાં માતાજીના દર્શનાર્થે દૂર દૂર થી માઈભક્તો દર રોજ હજારોની સંખ્યામાં આવે છે. વર્ષ દરમ્યાન સંખ્યાબંધ વખત સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં ઋતુ પ્રમાણે ફેરફાર થવાથી અને અંબાજી માતા મંદિરમાં યાત્રાળુઓની સગવડતા ખાતર માતાજીના દર્શન અને આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવતો હોય છે. આવતી કાલે આસો સુદ -૧ (એકમ) ગુરૂવાર તા. ૦૩/૧૦/૨૪ના રોજથી માતાજી ની આરતી તથા દર્શનનો સમય મા ફેરફાર કરવામાં આવ્યો છે, અને અંબાજી મંદિર મા આવતીકાલે ઘટ સ્થાપન આસો સુદ-૧ (એકમ) ગુરૂવાર ના સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦ કલાકે કરવામાં આવશે. નવરાત્રી દરમિયાન ભક્તોને આરતી અને દર્શનનો લાભ મળી રહે તે માટે અંબાજી ટ્રસ્ટ વિશેષ આયોજન કરે છે.આસો સુદ-૧ (એકમ) ગુરૂવારે સવારે આરતીનો સમય ૦૭:૩૦ થી ૦૮:૦૦ વાગ્યા સુધી રાખવામાં આવ્યો છે. સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦ કલાકે ઘટસ્થાપન થશે. બપોરે ૧૨:૦૦ કલાકે મા અંબાને રાજભોગ ધરાવવામાં આવશે. ભક્તો સવારે ૦૮:૦૦ થી ૧૧:૩૦ સુધી તથા બપોરે ૧૨:૩૦થી સાંજે ૧૬:૧૫ સુધી મા અંબાના દર્શન કરી શકશે. સાંજે આરતીનો સમય ૧૮:૩૦થી ૧૯:૦૦ સુધીનો રહેશે. ભક્તો સાંજે ૧૯:૦૦થી ૨૧:૦૦ વાગ્યા સુધી માના દર્શન કરી શકશે. આસો સુદ-૮ (આઠમ) તા. ૧૧/૧૦/૨૦૨૪ ના રોજ આરતીનો સમય સવારે ૦૬:૦૦ કલાકનો રહેશે. ઉત્થાપનનો સમય સવારે ૧૦:૦૦ કલાક સુધીનો રહેશે. આસો સુદ ૧૦-વિજયા દશમી (સમીપુજન)તા. ૧૨/૧૦/૨૦૨૪ ના સાંજે ૦૫:૦૦ કલાકે દુધપૌઆનો ભોગ ધરાવવામાં આવશે. તા.૧૬/૧૦/૨૦૨૪ના બુધવારના રોજ રાત્રે ૧૨:૦૦ કલાકે કપુર આરતી કરવામાં આવશે.

### પુત્રના હાથપગ તોડાવી નાખવાની ધમકી સાચી પાડી

## પૂર્વ મુખ્યમંત્રી રૂપાણીએ કરેલા બદનક્ષીના દાવામાં ત્રણ નેતાઓએ આખરે માફી માગી

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૨ ।

રાજકોટ અમદાવાદ હાઈવે પર આવેલ સહારા જમીન પ્રકરણ વિવાદ મામલે એક મોટા સમાચાર મળી રહ્યા છે. પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા કરેલ બદનક્ષીનો દાવો પરત ખેંચ્યો છે. પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સુખરામ રાઠવા, સી. જે. ચાવડા અને શૈલેષ પરમાર સામે દાવો કર્યો હતો. પરંતુ ત્રણેય નેતાઓ દ્વારા માફી માગી લેતા સમાધાન થયું હતું. તમને જણાવી દઈએ કે કરોડોનાં કૌભાંડ જમીન પર થયા હોવાના આક્ષેપ કોંગ્રેસ દ્વારા કર્યા હતા.

રાજકોટ-અમદાવાદ જમીન પ્રકરણમાં પૂર્વ ઝસ વિજય રૂપાણીએ પોતાનો દાવો પરત ખેંચ્યો છે. જેમાં તેઓએ કોંગ્રેસ નેતા સુખરામ રાઠવા, સી.જે.ચાવડા અને શૈલેષ પરમાર સામેનો માનહાનિનો કેસ પરત લીધો હતો. જોકે વર્ષ ૨૦૨૨માં કોંગ્રેસ નેતા સુખરામ રાઠવાએ દાવો કર્યો હતો, ત્યારે આ કેસને લઈ વિજય રૂપાણીના આ નિર્ણયથી અનેક રાજકીય વર્તૂળમાં અનેક પ્રકારની ચર્ચા જોવા મળી છે. બદનક્ષીનો કેસ પાછો ખેંચતા રાજકારણ ગરમાયું હતું. સી.જે. ચાવડાના ભાજપમાં જોડાવા બાદ ત્રણેય નેતાઓએ માફી માગતાં સમગ્ર બદનક્ષીનો દાવો પૂર્વ મુખ્યમંત્રી દ્વારા રદ કરવામાં આવ્યો છે.

## ગુજરાતી હીરોઈન ઝીલ જોશીને રીલ બનાવવું ભારે પડ્યુ, ગુનો નોંધાયો

। પ્રતિનિધિ, ગીર સોમનાથ, તા.૨ ।

ગુજરાતની જાણીતી અભિનેત્રીને પ્રખ્યાત પણ પ્રતિબંધિત સ્થળે રીલ બનાવવી ભારે પડી ગઈ છે. તેણે પ્રતિબંધ હોવા છતાં ઈન્સ્ટાગ્રામ પર વધુ લાઈક્સ મેળવવાની લ્હાયમાં ધોધની બાજુમાં બેસીને વીડિયો બનાવ્યો હતો. હવે આ વિડીયો હીરોઈનને ભારે પડી રહ્યો છે. આમ ગુજરાતની જાણીતી અભિનેત્રી ઝીલ જોશીની મુશ્કેલીઓમાં વધારો થયો છે. ઝીલે પ્રતિબંધ હોવા છતાં જમજીર ધોધ ઉપર રીલ બનાવી હતી તેના પગલે તેની સામે કેસ નોંધવામાં આવ્યો છે.પ્રખ્યાત જમજીર ધોધની બાજુની કોતરો ઉપર અમદાવાદની વતની ગુજરાતી અભિનેત્રી ઝીલ જોશીએ ધોધની નજીક વીડિયો રીલ ઉતારી પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર અપલોડ કરી હતી. તેથી કોડીનાર પોલીસ સ્ટેશનમાં ગીર સોમનાથ જિલ્લા કલેક્ટરના જાહેરનામાંનો ભંગ કરવા બદલ અભિનેત્રી સામે ફરિયાદ નોંધાતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.







## તંત્રી લેખ...

# ઓપરેશન ઓલઆઉટ

જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસ મોટા પાયે કરવામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા ઓપરેશન ઓલઆઉટના પરિણામસ્વરૂપે એકપછી એક મોટી સફળતા હાથ લાગી રહી છે. તમામ કુખ્યાત ત્રાસવાદી સંગઠનોની કમર તુટી ચુકી છે. હવે ત્રાસવાદીઓ તેમના અસ્તિત્વની લડાઇ લડી રહ્યા છે. જમ્મુકાશ્મીરમાં સક્રિય ત્રાસવાદી સંગઠન હિઝબુલ મુજાહીદીન અને લશ્કરે તોયબાના તમામ ટોપના ત્રાસવાદીઓ ફુંકાઇ ચુક્યા છે. આ ઓપરેશન હેઠળ માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટક પણ કબજે કરવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે ૨૦૦થી વધારે ત્રાસવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. આ વર્ષે પણ મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ માર્યા ગયા છે. જેમા પોસ્ટર બોય ટાઇગરનો પણ સમાવેશ થાય છે. બુરહાન વાની ગેંગનો સફાયો કરવામાં આવ્યો છે. જો કે જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવા અને લોકોમાં આત્મવિશ્વાસ ભરવા માટે અનેક પગલાની જરૂર છે. સામાન્ય લોકો સુરક્ષા દળો અને સેનાની પૂરતી મદદ કરે તે જરૂરી છે. સ્થાનિક ત્રાસવાદીઓને રક્ષણ અને આશ્રય આપવાના બદલે તેમના સંબંધમાં ગુપ્ત માહિતી સુરક્ષા દળોને માહિતી આપે તે જરૂર છે. ત્રાસવાદ સામેની લડાઇમાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા નાગરિકોની રહે છે. જો તમામ સતર્ક અને સાહસી તરીકે રહેશે તો ત્રાસવાદને પગ ફેલાવવાની તક મળશે નહી. દુનિયાની તમામ સરકાર, નેતા, ત્રાસવાદની સામે એક થઇ રહ્યા છે. એક થઇને જ ત્રાસવાદનો અંત લાવી શકાય છે. લોકો હુમલા બાદ નારાજગી પ્રગટ કરવા માટે આગળ આવે છે તેને ત્રાસવાદની હાર તો કહી શકાય છે પરંતુ ત્રાસવાદનો ખાતમો બાકી છે. આના માટે સમગ્ર માનવતા એક થાય તે જરૂરી છે. ત્રાસવાદને જીવિત રાખનાર, તેમને મદદ કરનાર. તેમને આશ્રય આપનાર દેશોની સામે પણ પગલા લેવા પડશે. સ્લીપર સેલને નષ્ટ કરવાની દિશામાં પગલા લેવા પડશે. ત્રાસવાદને મદદ કરનાર કોઇ પણ વ્યક્તિ, સંગઠન અથવા તો દેશ કેમ ન રહે તેની સામે સંયુક્ત યુદ્ધ છેડી દેવાની જરૂર છે. જો આવુ કરવામાં નહી આવે તો કઠોર પ્રતિક્રિયા, થવા તો લશ્કરી કાર્યવાહીથી ત્રાસવાદીઓ થોડાક દિવસ તો શાંત રહી શકે છે પરંતુ ફરી કોઇને કોઇ જગ્યાએ હુમલો કરીને રક્તપાત સર્જી દેશે. ભારત, અમેરિકા, ફ્રાન્સ, બ્રિટન ત્રાસવાદીઓના હિટલિસ્ટમાં રહ્યા છે. તેમને દુનિયાના અન્ય દેશોની સાથે મળીને પોતાની ગુપ્તચર વ્યવસ્થાને સુધારી દેવા, સુરક્ષા દળોને આધુનિક કરવા અને ત્રાસવાદી સંગઠન પર કાર્યવાહી ની યોજના બનાવવી પડશે. જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદી હુમલાની વાત હવે સામાન્ય બની ચુકી છે. ત્રાસવાદી હુમલોનો બનાવ જે કોઇ પણ હોય પરંતુ મોટો પ્રશ્ન એ થાય કે તે હુમલાને અમે કઇ રીતે હાથ ધરીએ છીએ. આ અમારી નબળાઇ છે કે આવી ત્રાસવાદી ઘટનાને હાથ ધરતી વેળા અમે ત્રાસવાદીઓને જીવિત પકડી પાડવાના પ્રયાસ કરતા નથી.

# ફુડ પ્રોડક્શન મેનેજરનો પણ ક્રેઝ

આધુનિક સમયમાં સપ્તાહમાં એક અથવા તો વધુ વખત ઘરની બહાર હોટેલ અને રેસ્ટોરન્ટમાં ભોજન કરવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. આવી સ્થિતીમાં ફુડ સાથે સંબંધિત કોર્સમાં જોડાઇને શાનદાર કેરિયર પણ બનાવી શકાય છે. આ ફુડ ક્ષેત્રે પણ અનેક લોકો તેમની કેરિયરને લોકપ્રિયતાની ચરમસીમા પર લઇ ગયા છે. સારા ફુડ પ્રોડકશન મેનેજરની પણ ભારે માંગ હવે જોવા મળી રહી છે. ફુડ પ્રોડકશન મેનેજરની કેરિયર સ્વાદ સાથે જોડાયેલી છે. જો તમને જુદા જુદા પ્રકારના સ્વાદિષ્ટ ભોજનમાં વધારે રસ છે તો આ કેરિયરમાં આગળ વધી શકાય છે. સફળ કેરિયર આમાં પણ બને છે. એક ફુડ પ્રોડકશન મેનેજર ખાસ પ્રકારના ભોજન તૈયાર કરવાના તમામ પાસાથી સંપૂર્ણ વાકેફ હોય છે. આવી સ્થિતીમાં આ યુવાનો જેમનો રસ કેટરિંગ, ભોજન, બનાવવામાં અને ખાસ પ્રકારની ડીસ બનાવવામાં વધારે છે તે યુવાનો આ ક્ષેત્રે આગળ વધી શકે છે. ઇન્ડિયન, કોન્ટિનેન્ટલ, ચાઇનીજ અને અન્ય ઇન્ટરનેશનલ ભોજન બનાવવામાં રસ ધરાવે છે તે તમામ લોકો ફુડ પ્રોડકશન મેનેજર બનીને કેરિયર બાનાવી શકે છે. છેલ્લા કેટલાક સમયમાં જે રીતે હોટેલ એન્ડ હોસ્પિટાલિટી ઇન્ડસ્ટ્રીઝમાં ગ્રોથ થયો છે તેના કારણે હોટેલ ઇન્ડસ્ટ્રીઝના પ્રોફેશનલોની માંગમાં તીવ્ર વધારો થયો છે. ઇન્ડિયા બ્રાન્ડ ઇક્વિટીના કહેવા મુજબ વર્ષ ૨૦૧૫-૧૬માં ભારત આવનાર વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં આશરે સાડા સાત ટકાનો વધારો થયો છે. મોટા શહેરો સિવાય નાના નાના શહેરોમાં પણ હોટેલ અને રેસ્ટોરન્ટ ખુલી રહ્યા છે. આવી સ્થિતીમાં પોતાના કામમાં કુશળતા ધરાવતા પ્રોફેશનલ લોકોની માંગમાં તીવ્ર વધારો થયો છે. હોટેલ ઇન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા કેટલાક ખાસ કોર્સ દેશના જુદા જુદા ભાગોમાં ચાલે છે. આમાંથી એક કોર્સ ફુડ પ્રોડક્શન માટે પણ છે. જો તમને ભોજન બનાવવામાં વધારે રસ છે તો ફુડ પ્રોડકશન મેનેજર બનીને કેરિયરને આગળ વધારી દેવાની સારી તક રહેલી છે. જાણકાર લોકોના કહેવા મુજબ સ્વાદની દુનિયાની કલાને સિખવાડવા અને તેને વધારે સારી બનાવવા માટે કેટલીક સંસ્થાઓ મદદ કરે છે. પ્રવેશ મેળવી લેવા માટે અભ્યાસ કરનાર દાવેદાર દસમાં અથવા તો ૧૨ ધોરણમાં પાસ થયેલી રહે તે જરૂરી છે. દસમાં ધોરણમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ ડિપ્લોમાં અને ૧૨માં ધોરણને પાસ કરી ચુકેલા વિદ્યાર્થીઓ ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકે છે.



**આજકાલ**

લેખક : દીપક જગતાપ

### ગ્રીનલેન્ડના પીગળતા ગ્લેશીયર પૃથ્વીના પ્રલય કારણ બનશે!?

**પાણીમાં ફેરવાઇ ગયેલા સરોવરમાં વુલ્ફ ડોગ સ્લેજ ખેંચતા જોવા મળ્યા હતા બરફની ચાદરો પીગળવાથી ઉંચાણવાળા ભાગ પર ઝરણા બની રહયા છે આર્કેટિક આબોહવા ધરાવતા વિસ્તારના લોકો શૂન્ય ડિગ્રીમાં રહેવા ટેવાયેલા હોવાથી વધતું જતું તાપમાન અકળાવી રહયું છે**

# વધતા જતા તાપમાનથી બરફ જામવાનું અને ઓગળવાનું કુદરતી ચક્ર ખોરવાયું

**ઉત્તરપશ્ચિમ ગ્રીનલેન્ડમાં સ્થિત પીટરમેન ગ્લેશિયર, આ વિસ્તારમાં વધતા તાપ માનના પરિણામે ટુકડા થઈ શકે છે નાસાએ તેની ટ્વિટર પ્રોફાઇલ પર આઇસબ્રીજ ઓપરેશનના માળખામાં લેવામાં આવેલ ફોટોગ્રાફ પ્રકાશિત કર્યો છે.**





કુદરત કરવટ બદલી રહી છે. આપણી નંદનવન સમી પૃથ્વી પર સતત ગરમીનુ પ્રમાણ વધી રહ્યું છે. જેની સીધી અસર પરીઆવરણ પર થઇ રહી છે. આજે આપણે ગ્રીનલેન્ડના ભૌગોલિક પરિસ્થિતિની વાત કરવી છે. સમગ્ર ગ્રીનલેન્ડમાં ચિંતાનો વિષય બન્યો છે.ગ્રીનલેન્ડમાં માત્ર એક જ દિવસમાં બે બિલિયન ટન બરફ પીગળી રહયો છે. આથી વૈજ્ઞાનિકોને ડર છે કે ગ્રીનલેન્ડનો બરફ આમ પીગળતો જ રહેશે. તો દરિયાની જળ સપાટી વધવાનો ખતરો તોળાઇ રહયો છે. સતત વધી રહેલા તાપમાનના પગલે બરફ જામવાનું અને ઓગળવાનું જે કુદરતી ચક્ર હતું તે ખોરવાઇ રહયું છે.

ગ્રીનલેન્ડ એન્ટાર્કટિકા પછી પૃથ્વી પરનો સૌથી વિશાળ હિમ વિસ્તાર છે. જેની આઇસ શીટ ઉત્તર અને દક્ષિણ દિશામાં ૨૪૦૦ કિમી સુધી ફેલાયેલી છે. બરફની સરેરાશ ઉંચાઇ ૨૧૩૫ મીટર જયારે સૌથી વધુ ઉંચાઇ ૩૦૦૦ મીટર છે.એક સમયે ગ્રીનલેન્ડના ૫ ટનગર નૂકનું ઉનાળામાં સરેરાશ તાપ માન ૧૦ ડિગ્રી જેટલું રહેતું હતું પરંતુ હવે ૧૪ ડિગ્રી સુધી રહે છે. જુન ૨૦૧૯ના પ્રથમ પખવાડિયામાં ઉત્તરી ગ્રીનલેન્ડમાં ૧૫ થી ૧૭ ડિગ્રી તાપમાન જોવા મળ્યું હતું. ૨૦૧૮માં તો એક સ્થળે તાપ માન ૨૩ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું જે છેલ્લા ૫૦ વર્ષના સરેરાશ તાપમાન કરતા ઘણું વધારે હતું.

હિમાલયથી ગ્રીનલેન્ડ સુધી ગ્લેશિયરો પીગળવાથી ખતરો સતત વધી રહ્યો છે. ઈન્ટરગવર્નમેન્ટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેન્જ (આઈપીસીસી)ના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ગ્રીનલેન્ડ અને એન્ટાર્કટિકામાં બરફનું પડ પ્રત્યેક વર્ષે ૪૦૦ અબજ ટન ઘટી રહ્યું છે. તેનાથી દરિયામાં પાણીનું સ્તર વધવાની સંભાવના વધી રહી છે જ્યારે ઘણા દેશોના મુખ્ય શહેરો ડૂબવાનું જોખમ પણ વધી ગયું છે. આ શહેર દરિયાના વધતા શહેરથી વધારે પ્રભાવિત થશે જેમાં ભારતના મુંબઈ અને કોલકાતા જેવા શહેરો પણ સામેલ છે.

અગાઉ મિટિરીયોલોજીકલ ઈન્સ્ટીટયૂટના વૈજ્ઞાનિક સ્ટીફન ઓલ્સને ગ્રીનલેન્ડમાં લીધેલો એક ફોટો વાઇરલ થયો હતો. આ ફોટામાં એક સમયે દોઢ મીટર જેટલો બરફ જોવા મળતો અને હવે પાણીમાં ફેરવાઇ ગયેલા સરોવરમાં વુલ્ફ ડૉગ સ્લેજ ખેંચતા જોવા મળ્યા હતા. બરફની ચાદરો પીગળવાથી ઉંચાણવાળા ભાગ પર ઝરણા બની રહયા છે. આર્કેટિક આબોહવા ધરાવતા વિસ્તારના લોકો શૂન્ય ડિગ્રીમાં રહેવા ટેવાયેલા હોવાથી વધતું જતું તાપમાન અકળાવી રહયું છે. બરફના પડની જાડાઈને સમજવામાં થાપ ખાઈને અનેક લોકો જીવ ગુમાવે છે. પોલાર રીંછ અને વૂલ્ફ ડૉગ જેવા પ્રાણીઓના અસ્તિત્વને પણ ખતરો છે. પર્માફોસ્ટ એટલે કે કાયમી બરફથી જામેલા રહેતા વિસ્તારોના ઘરો પરથી બરફ ઓછો થતા છાપરા દેખાવા લાગ્યા છે. ઉત્તરી આર્કેટિકના કેટલાક સ્થળે તો બરફનું પાણી થવાથી મકાનો ધસી રહયા છે અને ભીંતને તિરાડો પડવા લાગી છે. ગ્રીનલેન્ડ વિશ્વમાં ૧૩માં ક્રમનો વિશાળ વિસ્તાર ધરાવે છે. ૧૦ ઈગ્લેન્ડ ભેગા કરો તેટલા વિશાળ ગ્રીનલેન્ડમાં માત્ર ૫૭૦૦૦ લોકો રહે છે.



### કામની વાત : માત્ર એક સખ્ત ઇરાદાથી વ્યક્તિ ખોટી ટેવ છોડે છે...

**ખરાબ ટેવને સરળતાથી છોડી શકાય છે પરંતુ આના માટે મજબુત ઇચ્છાશક્તિની જરૂર હોય છે એક કઠોર અને સખ્ત નિર્ણય આ ટેવ આપને છોડાવી શકે છે શરાબની ખોટી ટેવને સરળતાથી છોડી શકાય છે**

# મજબુત ઇરાદાથી શરાબ છોડી શકાય

**મજબુત ઇચ્છાશક્તિ હોય તો શરાબની ટેવને છોડી શકાય છે : મન પર નિયંત્રણ પણ ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે : પારિવારિક સમર્થન જરૂરી**

દેશમાં જુદા જુદા રાજ્યો અને શહેરોમાં મોટી સંખ્યામાં લોકો શરાબની ટેવથી ગ્રસ્ત છે. આ લોકોના પરિવારના સભ્યો પણ તેમની આ પ્રકારની ટેવના કારણે દુખી થયેલા છે. તેમની સાચવણીની કામગીરી પરિવાર માટે પણ મુશ્કેલરૂપ હોય છે. જુદા જુદા સામાજિક પ્રસંગોમાં પણ આ પ્રકારના શરાબ પિવાની ટેવ ધરાવતા લોકો હમેંશા પ્રસંગની મજા બગાડી નાંખે છે. આના કારણે પરિવારના લોકોને અપમાનિત થવાની સ્થિતીનો સામનો કરવો પડે છે.

ઘરમાં પણ શરાબ પીનાર લોકોના પરિવાર પર આની અસર થાય છે. એમ કહેવામાં આવે છે કે જુની ટેવ ખુબ મુશ્કેલથી છુટે છે. પરંતુ આનો મતલબ એ નથી કે જુની અને ખરાબ ટેવને છોડી શકાય નહી. ખરાબ ટેવને સરળતાથી છોડી શકાય છે પરંતુ આના માટે મજબુત ઇચ્છાશક્તિની જરૂર હોય છે. એક કઠોર અને સખ્ત નિર્ણય આ ટેવ આપને છોડાવી શકે છે. શરાબની ખોટી ટેવને સરળતાથી છોડી શકાય છે. શરાબની ખોટી ટેવને છોડી દેવા માટે એક મજબુત ઇચ્છાશક્તિની જરૂર હોય છે. જો મજબુત ઇરાદા સાથે આગળ વધવામાં આવે તો મંજિલ નજીક દેખાઇ શકે છે. વિલ પાવરને અથવા તો ઇચ્છાશક્તિને મજબુત કરવાની સૌથી પહેલા જરૂર રહે છે. જો વિલ પાવર મજબુત રહેશે તો જ આની સામે લડત મેળવી શકાય છે. કેટલીક દેશી અને વિદેશી શોધમાં આ વાત નિકળીને સપાટી પર આવી છે કે મન પર નિયંત્રણ કરીને આપને જુની ટેવ છોડવામાં મદદ મળી શકે છે. જ્યારે પણ શરાબની તલબ લાગે છે ત્યારે અન્ય ચીજોનો ઉપયોગ કરવામાં આવી શકે છે. અન્ય ખરાબ ટેવને છોડવા માટે ધીમે ધીમે પ્રયાસ કરવા જોઇએ. કોઇ ટેવને છોડવા માટે તબક્કાવાર રીતે પ્રયાસો હાથ ધરવા જોઇએ. એકદમ બંધ કરી દેવાથી નુકસાન થઇ શકે છે. કારણ કે નશાની શરીરને ટેવ પડેલી હોય છે. જેથી એકદમ છોડી દેવાની સ્થિતીમાં તે વધારે અસર કરી શકે છે. આડ અસર કરી શકે છે. નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરાબના કારણે અન્યોને નુકસાન થાય છે. આપની આસપાસના લોકો અને બાળકોને પણ નુકસાન થાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શરાબ અનેક બિમારીને આમંત્રણ આપે છે. જેમાં કેન્સર જેવી જીવલેણ બિમારી પણ સામેલ છે. અભ્યાસમાં જાણવામાં આવ્યું છે કે આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકો પર માઠી અસર થાય છે. આ પ્રકારની શરાબની ટેવથી કેટલીક ગંભીર પ્રકારની આરોગ્યની તકલીફ ઊભી થાય છે. તે પ્રકારના તારણો પહેલાંથી જ બહાર આવી ચૂક્યા છે. હવે નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શરાબની ટીનેજરો ઉપર માઠી અસર થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે નાના બાળકો ધરાવતા માતાપિતા પૈકીના ઘણા માતાપિતા બાળકો ઘરે અભ્યાસ કરે છે ત્યારે અથવા તો રમતા હોય છે ત્યારે ઘરમાં શરાબ સેવન કરે છે. આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકોનું સ્કૂલમાં વર્તન પણ અશાંત રહે છે. શિક્ષણમાં પણ નબળા હોય છે. ભણવામાં નબળા હોવાના કારણો જાણવા મળ્યા નથી. તારણોમાં જણાવવામાં આવ્યું છે કે આરોગ્યની ઘણી સમસ્યાઓ શરાબના લીધે ઊભી થાય છે. અસ્થમા, હાર્ટના રોગ, ફેંફસાના કેન્સર સહિતના ઘણા ગંભીર રોગ શરાબની ટેવના કારણે થાય છે તેવા અહેવાલ પહેલેથી જ આવી ચૂક્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જો કોઈ વ્યક્તિને શરાબ પીવાની ટેવ પડી ગઈ છે તો સૌથી પહેલાં તેને છોડી દેવાના પ્રયાસ કરવા જોઈએ. અલબત્ત આમા સમય લાગી શકે છે પરંતુ ત્યાં સુધી તેની આડ અસરથી બચી શકાય છે. ડૉ. વિજય કે એસ શુક્લાનું કહેવું છે કે શરાબનો ઉપયોગ કરવાથી કેન્સર, હાર્ટના રોગ, ડાયાબિટીશ, સ્ટ્રોક, કોલ્ડ અને કફ જેવી તકલીફ થઈ શકે છે. સામાન્ય રીતે આ તમામ તકલીફો શરાબના વધારે પડતા ઉપયોગ અને પોષક તત્ત્વોનો ઓછો ઉપયોગ કરવાથી થાય છે. શરાબ સેવન પછી શરીરમાં વિટામીન સી અને ઈ, ઝીંક, કેલ્સિયમ, ફલોટ અને ઓમેગા થ્રીની અછત ઊભી થઈ જાય છે. આવી સ્થિતિમાં ખાવા પીવાની ચીજવસ્તુઓ મારફતે આવી ચીજોનો ઉપયોગ કરવામાં આવે તો શરીરને નુકશાન થવાની તકો ઘટી જાય છે. ગુજરાત સહિત દેશના કેટલાક રાજ્યોમાં શરાબ પર પ્રતિબંધ છે. જ્યારે કેટલાક રાજ્યોમાં તો શરાબને છુટછાટ મળેલી છે. જેના કારણે સરકારને મોટી આવક પણ મળે છે. બિહાર અને ગુજરાત જેવા રાજ્યોમાં શરાબ પર વર્ષોથી પ્રતિબંધ છે.



### અમેરિકામાં બાકી વિદ્યાર્થી લોનનો આંકડો ૧.૬ ટ્રિલિયન ડોલર...

# અમેરિકામાં કોલેજ સ્તરે શિક્ષણના ખર્ચ ખુબ વધી ગયા હોવાથી વિદ્યાર્થીઓ મુશ્કેલમાં : ખાનગી લોન આપનારાની સંખ્યા વધી

અમેરિકામાં કોલેજ સ્તરમાં અભ્યાસ કરવાની બાબત ખુબ ખર્ચાળ બની ચુકી છે. જેથી દેશમાં ખાનગી લોન આપવા સાથે સંબંધિત કારોબાર ટોપ પર છે. ઓનલાઇન સર્વે એજન્સી લેન્ડ યુઝ્સના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે અમેરિકામાં ખાનગી વિદ્યાર્થીઓ લોન બજારની રકમ ૧૦ હજાર કરોડ રૂપિયા અથવા તો ૧૦૦ અબજ ડોલર સુધી પહોંચી ગઇ છે.

અમેરિકામાં ખાનગી વિદ્યાર્થી લોન બજારનુ કદ દિન પ્રતિદિન વધી રહ્યુ છે. આવી જ રીતે જે વિદ્યાર્થીઓના નાણાં ચુકવવાના બાકી છે તે વિદ્યાર્થીઓની સંખ્યા વધીને ૧૪ લાખથી ઉપર પહોંચી ગઇ છે. એજન્સીના કહેવા મુજબ આ વર્ષે ખાનગી લોન માટે આવેવી આશરે બે લાખ અરજીઓ પૈકી માત્ર એક તૃતિયાંશ અરજીને જ મંજુરી આપવામાં આવી છે. આંકડા દર્શાવે છે કે ૪.૪ કરોડ કરતા વધારે અમેરિકી વિદ્યાર્થીઓ પર સાત હજાર ખર્વ કરતા વધારે શૈક્ષણિક લોનની ચુકવણી બાકી રહી છે. આંકડા ખુબ જ રોચક અને ચર્ચામાં મુકે તેવા છે. કારણ કે અમેરિકામાં વિદ્યાર્થીઓ પર ૨૫.૬૦ લાખની સરેરાશ વિદ્યાર્થી લોન રહેલી છે. આંકડા એમ પણ દર્શાવે છે કે ૬૦ વર્ષ કરતા ઓછી વયના ૨૬ ટકા યુવા અમેરિકી વ્યસ્ક ખાનગી લોન આપનારના દેવાદાર તરીકે છે. અમેરિકામાં સ્વતંત્ર રીતે વિદ્યાર્થીઓ સ્નાતક કક્ષા સુધી પહોંચી શક્યા નથી. ખુબ ઓછા જ વિદ્યાર્થીઓ એવા છે જે આ સફળતા હાંસલ કરી રહ્યા છે. સર્વે અને અભ્યાસમાં એમ પણ કહેવામાં આવ્યુ છે કે ૭૦ ટકા કરતા વધારે વિદ્યાર્થીઓ અને ખાસ કરીને અમેરિકી વિદ્યાર્થીઓ સ્ટુડન્ટ લોન લઇને સ્નાતક થયા છે. દરેક ચાર વિદ્યાર્થીઓ પૈકી એક અમેરિકી વિદ્યાર્થી આજે સ્ટુડન્ટ લોનની ચુકવણી કરવામાં લાગેલા છે. અમેરિકામાં વિદ્યાર્થી લોન દેવાદારોની સંખ્યા રેકોર્ડ ગતિથી વધી રહી છે. આ સંખ્યા પ્રાથમિક અંદાજ મુજબ ૧૪ લાખ સુધી પહોંચી ગઇ છે. સંખ્યા ઝડપથી વધી રહી છે. અમેરિકામાં ૭૦ ટકા કરતા વધારે વિદ્યાર્થીઓ દેવામાં ડુબેલા છે. અમેરિકાના શિક્ષણને પણ સુધારાની જરૂર દેખાઇ રહી છે. અમેરિકામાં અભ્યાસ કરવા માટે જતા વિદ્યાર્થીઓની સંખ્યા આજે દુનિયામાં સૌથી વધારે છે. અમેરિકામાં અભ્યાસને વિદ્યાર્થીઓ સર્વોચ્ચ પ્રાથમિકતા વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં આપે છે. જો કે આંકડા સાબિત કરે છે કે આ બાબત ચિંતાજનક છે. અમેરિકામાં શિક્ષણ અને ખાસ કરીને કોલેજ સ્તરમાં અભ્યાસમાં ખર્તનો આંકડો રેકોર્ડ સપાટી પર પહોંચી ચુક્યો છે. ડેટા સ્ટોરી ભારે રોચક રહેલી છે. અમેરિકામાં જુદા જુદા માપદંડ શિક્ષણના ક્ષેત્રમાં લાગુ કરવામાં આવ્યા છે. શિક્ષણના ઉંચા સ્ચરના કારણે અમેરિકામા અભ્યાસ કરવાને લઇને તમામમાં ક્રેઝ રહે છે. હજારોની સંખ્યામાં વિદેશી વિદ્યાર્થીઓ પણ શિક્ષણ મેળવી લેવા માટે ઉત્સુક રહે છે. અમેરિકાની જગ્યાએ હવે દુનિયાના અન્ય દેશોમાં પણ લોકો અભ્યાસ માટે જવા લાગી ગયા છે. અમેરિકામાં શિક્ષણ વધારે ખર્ચાળ છે ત્યારે ત્યાંના સ્થાનિક વિદ્યાર્થીઓ પણ શિક્ષણના ચિત્રને ધ્યાનમાં લઇને હવે અન્ય દેશોમાં શિક્ષણ મેળવી લેવા માટે પહોંચી રહ્યા છે. જેમાં ભારત પણ સામેલ છે. ફ્રાન્સ, બ્રિટન, કેનેડા અને ઓસ્ટ્રેલિયા પણ શિક્ષણ મેળવી લેવા માટે મુખ્ય હબ તરીકે ઉભરી રહ્યા છે. ઓન લાઇન સર્વેના તારણ આવ્યા બાદ સ્થાનિક અમેરિકી લોકો શિક્ષણને લઇને દેવામાં ડુબી જવા માટે તૈયાર નથી. અન્ય દેશોમાં આગળ જઇને અભ્યાસ કરી શકે છે. કારણ કે અમેરિકામાં શિક્ષણને લગતી અન્ય બાબતો પણ ખર્ચાળ બની રહી છે. અમેરિકામાં જે રીતે વિદ્યાર્થીઓ દેવામાં ડુબી રહ્યા છે તે જોતા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તો પોતાના ખર્ચને ઉપાડી લેવા માટે કોઇ પણ પ્રકારની નોકરી પણ કરી રહ્યા છે. ગેરકાયદે રસ્તે પણ કેટલાક વિદ્યાર્થીઓ વળી ગયા છે. જો કે તંત્રને ખાનગી લોન માટેના દુષણને રોકી દેવા માટેની દિશામાં પગલા લેવાની જરૂર દેખાઇ રહી છે.





Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234 info@cyberoctet.com www.cyberoctet.com



ભારતનો કેન્દ્રશાસિત પ્રદેશ લક્ષદ્વીપ માલદિવ કરતાં અનેકગણું ચડિયાતુ દરિયાઇ પર્યટન સ્થળ છે. છેલ્લા કેટલાક દિવસથી ગૂગલ પર સૌથી વધુ સર્ચ થયેલું નામ રહ્યું છે. સમગ્ર વિશ્વમાં લોકો લક્ષદ્વીપ વિશે શોધ કરી રહ્યા છે અને તેના વિશે માહિતી શોધી રહ્યા છે. પરંતુ શું તમે જાણો છો કે, આવું કેમ થયું? આખરે એવું તો શું થયું કે દરેક અખબાર, ટીવી, વેબસાઈટ અને સોશિયલ મીડિયા પર લક્ષદ્વીપ ટ્રેન્ડ કરી રહ્યું છે.

લક્ષદ્વીપની સાથે પર્યટન માટે પ્રખ્યાત ટાપુ માલદીવનું નામ પણ લેવામાં આવી રહ્યું છે. 4 જાન્યુઆરી, 2023ના રોજ, ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લક્ષદ્વીપની મુલાકાત લીધી અને ત્યાંથી તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર અદ્ભુત તસવીરો શેર કરી. તેમણે એવા લોકોને મેસેજ આપ્યો કે, જેઓ સાહસના શોખીન છે તેઓ તેમની યાદીમાં લક્ષદ્વીપનો સમાવેશ કરે.

### લક્ષદ્વીપ માટે બજેટ....

લક્ષદ્વીપ તેના સુંદર ટાપુઓ માટે પ્રખ્યાત છે. જો તમે બીચ પર્સન છો તો તમે ચોક્કસથી લક્ષદ્વીપના સુંદર, શાંત અને સુંદર બીચ વિશે જાણતા હશો. તેના સ્વચ્છ પાણી, સફેદ રેતી, બીચ અને લીલી પ્રકૃતિ સાથે, તમે અહીં સાહસિક રમતોનો આનંદ માણી શકો છો. સૌ પ્રથમ, ચાલો લક્ષદ્વીપ પહોંચવાના ભાડા વિશે વાત કરીએ.

### દિલ્હીથી સીધી ફ્લાઇટ....

લક્ષદ્વીપ જવા માટે તમે રાજધાની દિલ્હીથી અગાટી એરપોર્ટની સીધી ફ્લાઈટ લઈ શકો છો. આ માટેનું વન-વે ભાડું સામાન્ય રીતે 10,000 રૂપિયાની આસપાસ હોય છે. એટલે કે, જો હવાઈ ભાડાની વાત કરીએ તો માલદીવ અને લક્ષદ્વીપમાં બહુ ફરક નથી. પરંતુ તમે જો બોટ ક્રૂઝ મારફતે જવા માંગો છો તો, કોચ્ચીથી ક્રૂઝ લક્ષદ્વીપ જાય છે, જેની ટિકિટ 2500 રૂપિયાથી લઈ 7000 રૂપિયા સુધીની છે. કોચ્ચી સુધી તમે ટ્રેનમાં પણ જઈ શકો છો

### અમદાવાદથી લક્ષદ્વીપની ટૂરનો અંદાજીત ખર્ચ

અમદાવાદથી લક્ષદ્વીપ જવું હોય તો, અહીંથી તમે ટ્રેનમાં સ્લીપર કોચમાં કોચ્ચી સુધીની મુસાફરી કરો તો ભાડુ 770 રૂપિયા છે, કોચ્ચીથી તમે ક્રૂઝમાં 2500 રૂપિયાથી લઈ 7000 સુધીના ભાડામાં લક્ષદ્વીપ પહોંચી શકો છો (આ ખર્ચ પર પર્સનનો છે પહોંચવાનો). ત્યાં જઈ તમે હોટલ ખર્ચ અને ખાવા પીવાનો ખર્ચ આમાં ઉમેરો તો 50000 થી 60000ના ખર્ચમાં એક કપલ જઈ આરામથી ચાર દિવસ રહી શકે છે.

જો તમે લક્ષદ્વીપમાં રહેવા માટે હોટેલ બુક કરાવો છો, તો બીચ પર એક સારો રિસોર્ટ 4 દિવસ અને 3 રાત માટે લગભગ 20 થી 25 હજાર રૂપિયામાં બુક થઈ જશે. આ સિવાય તમે અહીં સસ્તી કિંમતે સ્કુબા ડાઈવિંગ, સ્નોર્કલિંગ અને અન્ય વોટર સ્પોર્ટ્સનો આનંદ લઈ શકો છો. જો તમે ઈચ્છો તો, તમે કલ્પેની, મિંકોય અને કાવારત્તી જેવા ટાપુઓ માટે ક્રુઝ બુક કરી શકો છો, જેનું ભાડું 30 થી 40 હજાર રૂપિયા પ્રતિ વ્યક્તિ છે.

ભારતીય ટાપુ હોવાને કારણે, અહીં ખાવા-પીવા માટે ચોક્કસપણે વધુ ખર્ચ નહીં થાય. અને તમે 500 થી 700 રૂપિયામાં લંચ કે ડિનરનો આનંદ માણી શકો છો. એટલે કે, જો તમે લક્ષદ્વીપની 4 રાત અને 3 દિવસની ટ્રિપ પર જઈ રહ્યા છો, તો તમે બે લોકો માટે 1 લાખ રૂપિયાથી ઓછામાં સરળતાથી લક્ષદ્વીપની મુલાકાત લઈ શકો છો.







# શિયાળામાં ઘરમાં સામાન્ય ફેરફારથી મળશે ગરમાશ, આ છે ટિપ્સ

શિયાળો એ મોટાભાગના લોકોની પ્રિય ઋતુ છે. પરંતુ એ પણ સાચું છે કે જો તમે શિયાળામાં તમારા ઘરને ગરમ ન રાખો તો તમે બીમાર પડી શકો છો અને શિયાળાની ઋતુની બધી મજા બગાડી શકો છો. તેથી, જો તમે શિયાળામાં કેટલીક બાબતોનું ધ્યાન રાખો અને તમારા ઘરના આંતરિક ભાગમાં થોડો ફેરફાર કરો, તો તમે આરામથી શિયાળાની મજા માણી શકો છો.આ વિશે નાના ફેરફારો અને ટિપ્સ જાણો..... -

### સ્વાગત કરો તડકાનો

જો તમારા ઘરમાં સૂર્યપ્રકાશ છે, તો સવારે જ્યારે સૂર્ય આવે છે, ત્યારે સૌપ્રથમ તમારા ઘરની બારી-બારણા થોડા સમય માટે ખોલો જેથી સૂર્યપ્રકાશ સીધો તમારા ઘરમાં પ્રવેશી શકે. ઘણા લોકોના ઘરે સાંજે અથવા દિવસ દરમિયાન સૂર્યપ્રકાશ આવે છે, તેથી જ્યારે પણ સૂર્યપ્રકાશ તમારી બાલ્કની, બારી અથવા દરવાજામાં કોઈપણ બાજુથી પ્રવેશ કરે છે, તો તમે આ કરી શકો છો. આનાથી રૂમ આખો દિવસ તાજો રહેશે અને સૂર્યપ્રકાશના સીધા કિરણો ઘરને અંદરથી ગરમ કરશે.

### નાના રૂમનો ઉપયોગ કરી શકાય

તમને લાગ્યું હશે કે જો તમે ખુલ્લી જગ્યામાં હોવ તો તમને વધુ ઠંડી લાગે છે અને નાની જગ્યામાં તમને ઓછી ઠંડી લાગે છે. તેથી, ઘરના સૌથી નાના રૂમમાં અન્ય રૂમ કરતાં વધુ ગરમી હશે. તે હોલમાં ઘરમાં સૌથી ઠંડું છે. તેથી, શિયાળામાં તમારા નાના રૂમનો વધુ ઉપયોગ કરો.

### ફ્લોર આવરી લો

ફ્લોર એ ઓરડામાં સૌથી ઠંડું સ્થાન છે. તેથી, ઓરડાના સમગ્ર ફ્લોરને સાદડીઓથી આવરી લો. અને તેના પર કાર્પેટ ફેલાવો. શિયાળામાં કાર્પેટ ખૂબ જ ફાયદાકારક છે. તે તમને ફ્લોરની ઠંડીથી બચાવે છે એટલું જ નહીં, કાર્પેટ રૂમને ગરમ દેખાવ પણ આપે છે. તમે આખા રૂમને જાડા રૂમના કદના કાર્પેટથી પણ ઢાંકી શકો છો અને તેના પર નાના ગોદડાઓ ફેલાવી શકો છો. દર અઠવાડિયે ગાદલું, રજાઇ, ધાબળો વગેરેને તડકામાં સારી રીતે સુકવી દો.

### જાડા ફેબ્રિક શીટ્સ અને પડદાનો ઉપયોગ

કપાસ, ખાદી કે ઊનની ચાદર રાખો. શિયાળામાં બજારમાં જાડી ફેબ્રિકની ચાદર સરળતાથી મળી જાય છે. આ સિવાય સોફા કવર, કુશન કવર અને ઘરના પડદા માટે ખાદી, જાડા કોટન, ઊન કે વેલ્વેટ ફેબ્રિક જેવા જાડા ફેબ્રિકનો ઉપયોગ કરો.

### દિવાલો પર ઘેરા રંગના ચિત્રો

રંગોની વાત કરીએ તો શિયાળા માટે ડાર્ક કલર બેસ્ટ છે. આ હૂંફનો અહેસાસ આપે છે, તમે તમારા ઘરના આંતરિક ભાગ પ્રમાણે વાદળી, લીલો, કાળો, ભૂરો, જાંબલી, મરૂન, લાલ જેવા રંગો પસંદ કરી શકો છો. આ રંગોને તમારા આંતરિક ભાગમાં ચાદર, સોફા કવર, કુશન કવર, પડદા વગેરે દ્વારા સામેલ કરો. દિવાલો પર ઘેરા રંગના ચિત્રો લગાવો.

### આવા પ્રકાશમાંથી ગરમી...

હવે પ્રકાશ વિશે વાત કરીએ. શિયાળામાં ટ્યુબ લાઇટને બદલે બલ્બનો ઉપયોગ કરો. રૂમને દીવાથી પ્રગટાવો. બલ્બ લાઈટ પણ રૂમમાં હૂંફની લાગણી આપે છે. જો તમે ઈચ્છો તો, તમે મીણબત્તીઓનો ઉપયોગ કરી શકો છો અને શિયાળામાં તમારા રૂમને ગરમ કરી શકો છો. તમે આ માટે જાડી ગોળ મીણબત્તીઓ ખરીદી શકો છો. તમે તમારા ઘરને ગરમ રાખવા માટે લેમ્પ્સનો પણ ઉપયોગ કરી શકો છો. આ માટે એક મોટો દીવો લો અને તેમાં જાડી વાટ બનાવો. સાંજે તેને બેડરૂમમાં પ્રગટાવી રાખો.



### હવાચુસ્ત દરવાજા

ઘરમાં મોટાભાગની ઠંડી સાંજે દરવાજો ખુલ્લો રાખવાથી અથવા વારંવાર દરવાજો ખોલવાથી અથવા દરવાજાની નીચે રહેલી નાની જગ્યામાંથી આવે છે. તેથી, સાંજે બારીઓ બંધ રાખો અને જ્યારે જરૂરી હોય ત્યારે જ દરવાજા ખોલો. દરવાજાની નીચેથી આવતી ઠંડીને રોકવા માટે, ત્યાં ડોર મેટ મૂકી શકાય.

### આંતરિક સજાવટ

જો શિયાળામાં ઘરની અંદરનું તાપમાન જાળવી રાખવું હોય તો હવામાન પ્રમાણે અંદરના ભાગમાં કેટલાક નાના ફેરફારો જરૂરી છે. કુદરતી અને કૃત્રિમ લાઈટિંગ, ફ્લોર કવરિંગ રાખવું, ડાર્ક કલર્સનો ઉપયોગ અને નાના રૂમનો ઉપયોગ વગેરે જેવા પગલાં ઘરને ગરમ રાખવામાં મદદરૂપ થાય છે.

# દાંતની સેન્સિટિવિટી દર્દમાં તલના બીજનો પ્રયોગ અજમાવો



દાંતમાં કંઇ પણ ઠંડુ કે ગરમ ખાવાથી થતી ઝણઝણાટી એક સામાન્ય ઓરલ હેલ્થ પ્રોબ્લેમ છે, જેનાથી ઘણાં લોકો પરેશાન રહેતા હોય છે. આ પ્રકારની ઓરલ પ્રોબ્લેમમાં ઘણીવાર બ્રશ કરવા, ખાદ્યપદાર્થોના સેવન દરમિયાન ઝણઝણાટી, બેચેની અને દર્દ થાય છે.

પ્રોબ્લેમની શરૂઆત સામાન્ય રીતે દાંતોના એનેમલ ખરાબ થવા અથવા સડાના કારણે થાય છે. આ ઉપરાંત કેવિટીઝ, દાંત તૂટવા અથવા ક્રેક થવા, યોગ્ય પ્રકારે ફિલિંગ ના થવું અથવા પેઢાની બીમારીના કારણે પણ દાંતમાં સેન્સિટિવિટીની સમસ્યા થઈ શકે છે.

આયુર્વેદિક ઉપચાર પધ્ધતિમાં દાંતોની સેન્સિટિવિટીમાં રાહત માટે એક સરળ અને અસરદાર ઘરેલૂ ઉપાય જણાવ્યો છે, જે માત્ર એક અઠવાડિયામાં જ ઓરલ હેલ્થ પ્રોબ્લેમથી છૂટકારો અપાવી શકે તેમ છે.

જો સેન્સિટિવિટીની સમસ્યા છે, ખાસ કરીને ઠંડુ ખાવાથી દાંતમાં દર્દ થાય છે, તો તેના ઈલાજ માટે તલના બીજનો ઉપયોગ કરવો જોઈએ. તલના કાળા બીજ માત્ર દાંતની સેન્સિટિવિટીઝ જ નહીં પણ ઓરલ હેલ્થ પ્રોબ્લેમનો ઈલાજ કરી શકો છો.

એક ચમચી તલના બીજને પીસીને તેની ચટણી તૈયાર કરી લો અને તેને એક કપ પાણીમાં મિક્સ કરીને ઉકાળો. હવે આ પાણી નવસેકુ થાય ત્યારબાદ તેને મોંઢામાં લઈ કોગળા કરો. આનાથી સેન્સિટિવિટીમાં એક અઠવાડિયામાં જ રાહત મળે છે. આ પ્રયોગ માટે કાળા તલ ઉત્તમ છે, પરંતુ જો તે ઉપલબ્ધ ના હોય તો સફેદ તલનો પણ ઉપયોગ કરી શકો છો.

માત્ર સેન્સિટિવિટી જ નહીં પણ તલના બીજથી પેઢામાં સોજા, પેઢામાંથી લોહી પડવું, તેમાં દુઃખાવો, કમજોર દાંત, મોંઢામાંથી દુર્ગંધ વગેરે માટે પણ તે ફાયદાકારક છે.

દાંતના કારણે થતો મોંઢાનો સડો લિવર કેન્સરના જોખમમાં કરશે 75 ટકા સુધી વધારો, નિદાન અને ઉપાયથી આ જીવલેણ બીમારીથી બચવું જોઈએ. નોંધઃવધુ માહિતી માટે તમારાં ડોક્ટરનો સંપર્ક કરવા વિનંતી છે.

# લેમન બાથ: ન્હાવાના પાણીમાં લીંબુનો રસ નાખવાના છે ફાયદાઓ....

ગુણકારી લીંબુનો રસ અનેક રીતે ફાયદાકારક છે. લીંબુનો રસ વિટામીન સીથી ભરપૂર હોય છે જે ક્લિન્ઝરની જેમ કામ કરે છે અને સ્કિન માટે સુપર બેસ્ટ છે. આ સિવાય ત્વચા માટે સૌથી બેસ્ટ સાબિત થાય છે. લીંબુનો રસ વાળમાં થતો ખોડો, ખંજવાળ જેવી અનેક સમસ્યાઓમાંથી છૂટકારો અપાવે છે.

લીંબુના રસના અનેક ફાયદાઓમાં એક પ્રયોગ ન્હાવાના પાણીમાં લીંબુનો રસ નાખીને સ્નાન કરવાનો અજમાવી શકાય. તેનાથી થતા આ ફાયદાઓ......

ન્હાવાના પાણીમાં લીંબુનો રસ નાખીને સ્નાન કરવાથી અનેક ઘણાં ફાયદાઓ થાય છે. લીંબુનો રસ એન્ટી બેક્ટેરિયલ ગુણોથી ભરપૂર હોય છે જે સ્કિન પર થતા દાણાં અને એક્નેની સમસ્યાને દૂર કરી શકે છે. આ એન્ટી ફંગલ પણ હોય છે જે ખંજવાળ, ખરજવા જેવી સમસ્યામાંથી છૂટકારો અપાવે છે. લીંબુનો રસ તમને ફંગલ ઈન્ફેક્શનમાંથી બચાવવાનું કામ કરે છે. આમ તમે ન્હાવાના પાણીમાં લીંબુનો રસ મિક્સ કરો છો તો સ્કિનને લગતી અનેક સમસ્યાઓ દૂર થવામાં મદદરૂપ બને છે.

### લીંબુનો રસ એટલે દેશી ક્લિન્ઝર

લીંબુનો રસ દેસી ક્લિન્ઝરનું કામ કરે છે. આમાં વિટામીન સી હોય છે અને આ વિટામીન તમારી સ્કિનને અંદરથી સાફ કરવાનું કામ કરે છે. લીંબુનો રસ તમારા પોર્સને સાફ કરવાનું કરવાનું કામ કરે છે. આ સાથે ફેસ પરનું એક્સ્ટ્રા ઓઈલ દૂર કરવાનું કામ કરે છે. લીંબુના રસથી પોર્સ અંદરથી સાફ રહે છે અને સ્કિનને ડેમેજ થતી બચાવે છે.

### શરીરમાંથી આવતી વાસ દૂર થાય છે

લીંબુનો રસ શરીરમાંથી આવતી વાસને દૂર કરવાનું કામ કરે છે. પરસેવાની વાસને સરળતાથી લીંબુનો રસ દૂર કરે છે. તમારા શરીરમાંથી પરસેવાની વાસ વધારે આવે છે અને પરસેવો પણ વધારે થાય છે તો તમે ન્હાવાના પાણીમાં બે ચમચી લીંબુનો રસ મિક્સ કરી લો. લીંબુનો રસ વાસ દૂર કરવાની ક્ષમતા ધરાવે છે. તમે બારે મહિના ન્હાવાના પાણીમાં લીંબુનો રસ નાખીને સ્નાન કરી શકો છો.



# ખાલી પેટે ખજૂર ખાવાથી ઘણા ફાયદા



ખાલી પેટે ખજૂર (Dates) ખાવાથી ઘણા ફાયદા થાય છે. ખજૂર રોગપ્રતિકારક શક્તિને પણ મજબૂત બનાવે છે અને પાચનમાં સુધારો કરે છે. હાર્ટને સ્વસ્થ રાખવા ઉપરાંત ખજૂર હોર્મોન્સને બેલેન્સ કરવામાં પણ મદદ કરે છે. જો તમને શક્તિ જોઈતી હોય તો રોજ ખાલી પેટ ઘીમાં પલાળેલી ખજૂર ખાઓ. શિયાળા માં રોજ ખજૂરને ઘીમાં પલાળીને ખાઈ શકો છો.

રોજ ખાલી પેટ ઘીમાં પલાળેલી ખજૂર ખાવાથી સ્વાસ્થ્ય સંબંધિત તમામ પ્રકારની સમસ્યાઓથી રાહત મેળવી શકાય છે. ઘીમાં પલાળી ખજૂર ખાવાથી સ્વાસ્થ્ય સંબંધિત તમામ પ્રકારની સમસ્યાઓથી રાહત મળે છે. તાજેતરના વર્ષોમાં તેની લોકપ્રિયતા વધી છે જાણીએ કે ઘીમાં પલાળેલી ખજૂર ખાવાથી શું થાય છે ફાયદા......

રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે...

ઘીમાં પલાળેલી ખજૂર તમારી રોગપ્રતિકારક શક્તિને વધારવામાં મદદ કરે છે. ખજૂરમાં વિટામીન A અને C સહિત એન્ટીઓક્સીડેન્ટ્સ અને વિટામિન્સ ભરપૂર પ્રમાણમાં હોય છે, જે રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવવામાં મદદ કરે છે. તેમાં એન્ટી બેક્ટેરિયલ ગુણ હોય છે.

પાચન માટે સરળ...

ખજૂર અને ઘી એક સાથે ખાવાથી પાચનક્રિયા સુધરે છે. ખજૂર ડાયેટરી ફાઈબરનો સારો સ્ત્રોત છે, જે આંતરડાની ફરિયાદોને દૂર કરવામાં મદદ કરે છે અને તમારા પાચનતંત્રને સ્વસ્થ રાખે છે. બીજી તરફ, ઘીમાં બ્યુટીરિક એસિડ હોય છે, જે આંતરડાનું સંતુલન જાળવવામાં મદદ કરે છે. ઘીમાં પલાળેલી ખજૂરનું સેવન કરવાથી પાચનક્રિયામાં સુધારો થાય છે, કબજિયાત દૂર થાય છે અને સોજો ઓછો થાય છે.

હૃદયના સ્વાસ્થ્યને સુધારે...

ખજૂર અને ઘી એકસાથે ખાવાથી હૃદયની તંદુરસ્તી સુધરે છે. ખજૂરમાં પોટેશિયમ અને મેગ્નેશિયમ હોય છે, જે બ્લડ પ્રેશર અને હૃદય રોગના જોખમને ઘટાડવામાં મદદ કરે છે. ઘી તંદુરસ્ત ચરબીથી ભરપૂર છે જે ખરાબ કોલેસ્ટ્રોલનું સ્તર ઘટાડી શકે છે અને શરીરમાં સારા કોલેસ્ટ્રોલને વધારી શકે છે.

હોર્મોનલ અસંતુલનને કંટ્રોલ કરે....


ઘીમાં પલાળેલી ખજૂર સ્ત્રી અને પુરુષ બંનેમાં હોર્મોનલ અસંતુલનને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. ખજૂરમાં વિટામિન્સ અને મિનરલ્સનું ઉચ્ચ પ્રમાણ હોર્મોન્સને સંતુલિત કરવામાં મદદ કરે છે, જ્યારે ઘી શરીરમાં હોર્મોન્સનું પ્રમાણ વધારવામાં મદદ કરે છે. તે ખાસ કરીને અનિયમિત પીરિયડ્સ ધરાવતી સ્ત્રીઓ માટે ઉપયોગી છે.

### દિવસ દરમિયાન મૂડને સુધારવામાં મદદ કરશે

ખજૂર અને ઘી એકસાથે ખાવાથી દિવસભર એનર્જી વધે છે. આ જાદુઈ મિશ્રણનું સેવન કરવાથી રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ મળે છે. જેથી કરીને આપણે દિવસભર ઉર્જાવાન અને તરોતાજા રહી શકીએ છીએ.

ઘીમાં પલાળેલી ખજૂર બનાવવાની આ છે રીત...

- 10-12 બીજ વિનાની ખજૂર, 2 ચમચી ઘી
- બીજ વગરની ખજૂરને લગભગ 30 મિનિટ સુધી પાણીમાં પલાળી રાખો.
- ખજૂરને પાણીમાંથી કાઢીને સૂકવી લો.
- ધીમી આંચ પર એક પેન ગરમ કરો અને તેમાં 2 ચમચી ઘી ઉમેરો.
- ઘી ઓગળી જાય એટલે ખજૂરને તવામાં ઉમેરો.
- ખજૂરને દરેક બાજુએ લગભગ 2-3 મિનિટ સુધી અથવા તે ગોલ્ડન બ્રાઉન થાય ત્યાં સુધી રાંધવા દો. ઠંડુ થવા દો.
- ઠંડુ થયા પછી ખજૂરને ઘીમાં પલાળી દો અને એરટાઈટ કે હવાચુસ્ત પાત્રમાં સ્ટોર કરો. તમે દરરોજ 1-2 ટુકડાઓ ખાઈ શકો છો.
- જો તમને કોઈ સ્વાસ્થ્ય સમસ્યા હોય તો ઘીમાં પલાળેલી ખજૂરનું સેવન કરતા પહેલા સ્વાસ્થ્ય નિષ્ણાતની સલાહ લેવી જરૂરી છે.



## રાજકુમાર રાવ અને શ્રદ્ધા કપૂરની ‘સ્ત્રી ૨’ને અભૂતપૂર્વ સફળતા મળી છે

# રાજકુમારની ફિલ્મમાં જાન્હવી કે શ્રદ્ધાના બદલે તૃપ્તિ કેમ પસંદ થઈ?



રાજકુમાર રાવ અને શ્રદ્ધા કપૂરની ‘સ્ત્રી ૨’ને અભૂતપૂર્વ સફળતા મળી છે, ત્યારે હવે રાજકુમાર રાવની વધુ એક અલગ પ્રકારની ફિલ્મ આવી રહી છે. જે ‘ડ્રીમ ગર્લ’ના ડિરેક્ટર રાજ શાંડિલ્ય દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. તેમણે તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું છે કે તેમણે ‘વિકી વિદ્યા કા વો વાલા વીડિયો’ માટે તેમણે તૃપ્તિ પહેલાં ઘણા નામનો વિચાર કર્યો હતો. તેમણે નુસરત ભરુચા, જહાન્વી કપૂર, ભૂમિ પેડનેકર તેમજ રાજકુમારની ‘સ્ત્રી ૨’ની કૉ સ્ટાર શ્રદ્ધા કપૂરનો પણ વિચાર કર્યો હતો. જોકે, રાજકુમાર રાવ આ પહેલાં જહાન્વી, ભૂમિ, નુસરત અને શ્રદ્ધા સાથે કામ કરી ચૂક્યો છે તેથી પોતાની ફિલ્મમાં તાજગી લાવવા માટે તેમણે તૃપ્તિને તક આપવાનો વિચાર કર્યો. તેમનો આ વિશ્વાસ સાચો પણ ઠર્યો, રાજકુમાર અને તૃપ્તિની ઓન સ્ક્રીન કેમેસ્ટ્રી અને ખાસ કરીને ગીત દર્શકોને ઘણું પસંદ પડ્યું છે. રાજે આ ઉપરાંત મલ્લિકા શેરાવતના કાસ્ટિંગ વિશે પણ વાત કરી હતી. તેમણે કહ્યું,“તેમને સ્ક્રિપ્ટ ગમી અને તેણે કહ્યું કે તેને કોઈ આ પ્રકારના રોલ માટે કાસ્ટ કરે એની જ રાહ જોતી હતી.” રાજ શાંડિલ્યએ એમ પણ કહ્યું કે તેમણે આયુષ્યમાન ખુરાના સાથે ‘ડ્રીમ ગર્લ ૧’ અને ‘ડ્રીમ ગર્લ ૨’માં કામ કર્યુ હોવાથી આ ફિલ્મમાં તેને લેવાનો પણ વિચાર કર્યો હતો. પરંતુ તેને આ ફિલ્મમાં કેમ ન લીધો તે અંગે તેણે કહ્યું,“અમે આયુષ્યમાન સાથે ‘ડ્રીમ ગર્લ ૧-૨’માં કામ કર્યું હોવાથી આ ફિલ્મ લખતી વખતે અમને થયું કે આ રોલ માટે રાજકુમાર વધારે સૂટ થાય છે. એવું નહોતું કે આયુષ્યમાન સૂટ નહોતો થતો પરંતુ રાજકુમાર આ પાત્રથી વધારે નજીક લાગ્યો. મારે ઘણા લાંબા સમયથી તેની સાથે કામ પણ કરવું હતું. બંને બહુ સારા કલાકારો છે અને મને વિશ્વાસ છે કે આવનારી ફિલ્મમાં આયુષ્યમાન જરૂર હશે.”

# ‘સિંઘમ અગેઇન’ને રિલીઝ થતાં પહેલાં જ રૂ.૨૦૦ કરોડની આવક

## રોહિત શેટ્ટીએ રાઇટ્સ વેચીને જંગી કમાણી કરી લીધી



રોહિત શેટ્ટીની ‘સિંઘમ’, ‘સિંઘમ અગેઈન’, ‘સિમ્બા’ અને ‘સૂર્યવંશી’ જેવી સફળ ફિલ્મો પછી કોપ યુનિવર્સનું નવું પ્રકરણ ‘સિંઘમ અગેઈન’ દિવાળી પર થિએટરમાં રિલીઝ થશે. રોહિત શેટ્ટીની આ ફિલ્મોને ‘એવેન્જર્સ ઓફ કોપ યુનિવર્સ’ કહેવાય છે. આ ફિલ્મમાં અજય દેવગન, કરીના કપૂર, રણવીર સિંઘ, અક્ષય કુમાર, દીપિકા પાદૂકોણ, ટાઈગર શ્રોફ, અર્જૂન કપૂર અને જેકી શ્રોફ મહત્વના રોલમાં જોવા મળશે. દસ દિવસમાં ફિલ્મનું ટ્રેઈલર રિલીઝ થઈ જશે. એ પહેલા રોહિત શેટ્ટીએ જિઓ સ્ટુડિઓઝ સાથે એક મોટી નોન થિએટ્રીકલ ડીલ કરી છે. આ પ્રક્રિયા સાથે સંકળાયેલાં સૂત્રોના જણાવ્યા અનુસાર, ‘સિંઘમ અગેઈન’ના સેટેલાઈટ રાઈટ્સ, ડિજિટલ રાઈટ્સ અને સંગીતના અધિકારોની કુલ મળીને લગભગ ૨૦૦ કરોડની ડીલ સાઈન કરવામાં આવી છે. “આ રોહિત શેટ્ટી અને અજય દેવગન બંનેની પહેલી આટલી મોટી નોન થિએટ્રીકલ ડીલ છે. રોહિત શેટ્ટીની ફિલ્મો ટીવી પર હંમેશા લોકપ્રિય રહી છે, તેથી તેની ફિલ્મોને સેટેલાઈટ રાઈટ્સની કમાણી હંમેશા મોટી જ હોય છે. તેથી ‘સિંઘમ અગેઈન’ને પણ ટીવી ચેનલો પ્રિમીયમ પ્રાઈઝ આપવા તૈયાર હતી. છેલ્લા બે દાયકામાં આવેલી ફિલ્મોમાં આ ફિલ્મમાં સૌથી મોટી કાસ્ટ છે. તેથી આ ફિલ્મ કમાણીના બધા જ રેકોર્ડ્ઝ તોડશે તેવી આશા છે.” સૂત્રએ આગળ જણાવ્યું,“આ ફિલ્મ માટે દરેક પ્રકારના માધ્યમો ઉત્સાહિત છે.

# ઉત્તમ પેરેન્ટિંગ માટે ચોક્કસ નીતિ-નિયમ કે રૂલબૂક ન હોય : ઐશ્વર્યા રાય

## ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચનની દિકરી આરાધ્યા જન્મી ત્યારથી ઐશ્વર્યા કોઈ પણ જગ્યાએ જાય તો હંમેશા તેને સાથે રાખી છે



ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચનની દિકરી આરાધ્યા જન્મી ત્યારથી ઐશ્વર્યા કોઈ પણ જગ્યાએ જાય તો હંમેશા તેને સાથે રાખી છે, પછી તે કોઈ પણ ઈવેન્ટ કે કોઈ પણ ફંક્શન હોય. ધીરે ધીરે આરાધ્યા પણ હવે તેની માતાનો પડછાયો બનીને હંમેશા ડ્રેસ કોઓર્ડિનેશનમાં માતા સાથે જોવા મળે છે. તાજેતરમાં જ ઐશ્વર્યા રાય બચ્ચન અબુ ધાબી ખાતે દિકરી આરાધ્યા સાથે આઈફા એવોર્ડની ઈવેન્ટમાં પહોંચી હતી. તેઓ બંને જ્યાં પણ જાય ત્યાં તેમનો વીડિયો ઈન્ટરનેટ પર વાયરલ થઈ જતો હોય છે. ત્યારે તાજેતરમાં ગ્રીન કાર્પેટ પર ઐશ્વર્યાને દિકરીઓની માતાઓને તે ઉછેર અંગે શું સલાહ આપવા માગશે, તેવું પૂછવામાં આવ્યું હતું. આ પ્રશ્નના જવાબમાં ઐશ્વર્યાએ કહેલું,“સાંભળો, તમે માતા છો, તમે જે જાણો છો અને તમારી દિકરી માટે તમે જે કરો છો તે શ્રેષ્ઠ જ છે. આપણે બધાં જ માણસ છીએ, આપણે એકબીજા સાથે બેસીને સલાહ નથી આપવાના કે એકબીજાને બધું કહેવાના નથી. કારણ કે આપણે કોઈ ચોક્કસ નીતિ નિયમ કે રૂલબૂક સાથે નથી જન્મ્યા. તમે જે કરતા હશો એ જ કરશો અને તમે તમારી દિકરી સાથે શ્રેષ્ઠ જ કરશો. બસ બધાને પ્રેમ અને આશીર્વાદ.” ત્યાર બાદ ઐશ્વર્યાને પૂછવામાં આવેલું કે આરાધ્યા હંમેશા તેની સાથે હોય છે તો તે હંમેશા શ્રેષ્ઠ ગુરુ પાસેથી જ શીખતી હશે. જેના જવાબમાં ઐશ્વર્યાએ કહેલું, “એ મારી દિકરી છે, તો એ હંમેશા મારી સાથે જ રહેવાની ને.” અભિષેક બચ્ચન હાલ અક્ષય કુમાર, રિતેશ દેશમુખ, ડિનો મોરિયા અને જેકલીન ફર્નાન્ડિઝ સાથે ‘હાઈસફુલ ૫’ના શૂટિંગમાં વ્યસ્ત છે. જ્યારે ઐશ્વર્યાએ છેલ્લે મણી રત્નમની ‘પીએસ ૨’માં કામ કર્યુ છે અને ફૅન્સ તેની આગામી ફિલ્મની રાહ જોઈ રહ્યા છે.

# સેન્સર બોર્ડના સૂચનો અભિનેત્રી કંગનાએ સ્વીકાર્યાં

સેન્સર બોર્ડ દ્વારા સોમવારે બોમ્બે હાઈકોર્ટને જાણ કરવામાં આવી હતી કે ‘ઈમરજન્સી’ ફિલ્મની પ્રોડ્યુસર અને લીડ એક્ટર કંગના રણોત સેન્સર બોર્ડની રીવાઈઝિંગ કમિટી દ્વારા સૂચવાયેલા કટ્સ અને ફેરફાર કરવા માટે સંમત થઈ ગઈ છે. બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ બર્ગીસ કોલાબાવાલા અને ફિરદોશ પૂનીવાલા ફિલ્મના કૉ-પ્રોડ્યુસર ઝી સ્ટુડિયોઝ દ્વારા ફાઈલ કરેલી ફિલ્મ રિલીઝ સર્ટિફિકેટ મેળવવા માટે કરેલી પિટિશન પર સુનાવણી કરી રહ્યા હતા. આગળની સુનાવણીમાં સેન્સર બોર્ડના વકીલ ડૉ. અભિનવ ચંદ્રચુડે બેંચને જણાવ્યું હતું કે રીવિઝિટિંગ કમિટીએ કેટલાંક કટ્સ સૂચવ્યા છે, જે પછી ફિલ્મ રિલીઝ કરી શકાશે. જેના પર ફિલ્મના પ્રોડ્યુસર્સે આ ફેરફાર કઈ રીતે કરવા તે વિચારવાનો સમય માગ્યો હતો. સોમવારની સુનાવણીમાં ઝી સ્ટુડિયોઝના વકીલ શરન જગતિયાણીએ બેંચને જણાવ્યું હતું કે કંગનાએ સેન્સર બોર્ડની કમિટી સાથે મીટિંગ કરી હતી અને તે કટ તેમજ ફેરફાર કરવા માટે સંમત થઈ છે. “તેણે અમને ઈમેઈલ દ્વારા જાણ કરી છે કે તે સેન્સર બોર્ડને મળી છે અને કટ કરવા માટે સહમત થઈ છે. તેણે કહ્યું છે કે હવે આ બાબત કેની અને સેન્સર બોર્ડની વચ્ચે છે.” જોકે, વરિષ્ઠ વકીલે જણાવ્યું હતુ કે આ આ કટનું પાલન કઈ રીતે કરવું એ નક્કી કરવામાં હજુ સમય લાગશે.


# ‘દેવરા પાર્ટ ૧’ની સફળતાએ ટ્રાન્સફોર્મર્સને પણ પાછળ છોડી

## વર્લ્ડ વાઇડ કમાણીમાં બીજા નંબરે પહોંચી ગઈ ‘દેવરા’

જુનિયર એનટીઆરની ‘દેવરા પાર્ટ ૧’ને બોક્સ ઓફિસ પર તગડી શરૂઆત મળી છે. માત્ર ભારતમાં જ નહીં પણ કોરાતલા શિવાની આ ફિલ્મ વિશ્વ સ્તરે પણ ઘણો સારો દેખાવ કરી રહી છે. આ ફિલ્મને પહેલા જ અઠવાડિયે ઐતિહાસિક કમાણી મળી છે અને સૈફ અલી ખાન તેમજ જુનિયર એનટીઆરના વખાણ પણ થઈ રહ્યા છે. આ એક્શન ફિલ્મ પહેલા વીકેન્ડમાં કમાણી કરવામાં વર્લ્ડવાઈડ બીજા નંબરે આવી ગઈ છે. ‘દેવરા પાર્ટ ૧’ ૨૭ સપ્ટેમ્બરે થિએટરમાં રિલીઝ થઈ છે અને ફિલ્મમેકર્સે એક સ્ટેટમેન્ટમાં જણાવ્યું છે કે, આ ફિલ્મે પહેલા જ દિવસે દુનિયાભરમાંથી ૧૭૨ કરોડની કમાણી કરી છે. જ્યારે પહેલાં અઠવાડિયાના અંત સુધીમાં ૩૨.૯૩ મિલિયન ડૉલર એટલે કે ૨૭૫ કરોડની કમાણી કરી છે. જેનાથી તે વિશ્વસ્તરે ઐતિહાસિક રીતે સૌથી વધુ કમાણી કરનારી બીજી ફિલ્મ બની ગઈ છે. હવે દેવરા માત્ર ‘ધ વાઈલ્ડ રોબૉટ’થી એક ક્રમ પાછળ રહી છે, જેણે ૪૪ મિલિયન ડૉલરની કમાણી કરી હતી. જોકે, આ ફિલ્મનું એ પહેલું અઠવાડિયું નહોતું. તેમની કમાણી પાછળના અઠવાડિયાઓમાં ઘટી હતી, જ્યારે દેવરા પાસે તો આવનારા દિવસોમાં હજુ વધારે કમાણી કરવાની તક છે. જોકે, દેવરાના કમાણીનાં આંકડાને લગતા અહેવાલોમાં તફાવત જોવા મળી રહ્યો છે. જો ઈન્ડિયાની બોક્સ ઓફિસ ટ્રેકિંગ સીસ્ટમના દાવા મુજબ ફિલ્મને સફળતા મળી રહી છે, એ વાત નકારી શકાય તેમ નથી. જોકે, ફિલ્મ મેકર્સનો દાવો છે કે આ ફિલ્મ વિશ્વસ્તરે ૩૦૦ કરોડ અને ભારતમાં ૨૦૦કરોડના લક્ષ્યને પાર કરી નાંખશે.



# અનન્યા પાંડેના મતે ડીપફેક વીડિયો રોકવા સરકારી નીતિ આવશ્યક



અનન્યા પાંડેએ એક રસપ્રદ ફિલ્મમાં કામ કર્યું છે,‘સીટીઆરએલ’. આ ફિલ્મ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર આધારીત છે. ત્યારે આઈફાની ગ્રીન કાર્પેટ વખતે અનન્યાએ આ સંદર્ભે તાજેતરમાં કહ્યુ છે કે સરકારી વહીવટીતંત્રએ ટેક્નોલોજીનો દુરુપયોગ અટકાવવા માટે ચોક્કસ નીતિ ઘડવાની જરૂર છે. તાજેતરમાં જ આમિર ખાન, રણવીર સિંઘ, આલિયા ભટ્ટ અને રશ્મિકા મંદાના જેવા કલાકારો ડીપફૅક વીડિયોનો શિકાર બની ચૂક્યા છે. આ સંદર્ભે અનન્યાએ કહ્યું,“આ બહુ ડરામણી સ્થિતિ છે. અમે લોકો પબ્લિક ફિગર છીએ તેથી અમારો અવાજ અને અમારા ચહેરાઓ દરેક સ્વરૂપે અનેક માધ્યમો પર ઉપલબ્ધ છે. મને ખ્યાલ નથી કે તેમાં અમે કઈ હદ સુધી બચી શકીએ તેમ છીએ. મને લાગે છે કે સરકારે કોઈ નીતિ ઘડવી જોઈએ, કદાચ હાલ એ એક જ રસ્તો છે.” ડીપફેક એવી એક ડિજિટલ પદ્ધતિ છે, જેમાં યુઝર મૂળ વ્યક્તિને બદલે બીજા વ્યક્તિને એઆઈની મદદથી સહજ રીતે મુકી શકે છે. ‘સીટીઆરએલ’ના ટ્રેલરમાં જોવા મળે છે કે અનન્યા એઆઈ એપ્લિકેશનને કહે છે કે તેના લવર જૉ (વિહાન સમ્રાટ)ને ‘ઈરેઝ’ કરવા કહે છે, કારણ કે તે જૉને ચીટિંગ કરતા પકડી પાડે છે. આ સાઈબર થ્રિલર ફિલ્મ ૪ ઓક્ટોબરથી નેટફિલક્સ પર સ્ટ્રીમ થશે. તે વિક્રમાદિત્ય મોટવાણે દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. આ વખતે અનન્યાએ બીજી વખત આઈફાના મંચ પરથી પરફોર્મન્સ આપ્યું હતું.

# દિગ્ગજ અભિનેતા રજનીકાંતની તબિયત બગડી



દિગ્ગજ અભિનેતા રજનીકાંત (૭૩)ની સોમવારે રાત્રે અચાનક તબિયત લથડી હતી. જે બાદ તેને ચેન્નાઈની અપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ચેન્નાઈ પોલીસના જણાવ્યા અનુસાર પેટમાં તીવ્ર દુખાવો ઉપડ્યા બાદ તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. દેશના દિગ્ગજ અભિનેતા રજનીકાંત (૭૩)ની તબિયત સોમવારે મોડી રાત્રે અચાનક બગડી હતી. જે બાદ તેને ચેન્નાઈની અપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ચેન્નાઈ પોલીસના જણાવ્યા અનુસાર તેને પેટમાં તીવ્ર દુખાવો ઉપડ્યા બાદ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. હોસ્પિટલના સૂત્રોએ પુષ્ટિ કરી છે કે રજનીકાંતની હાલત સ્થિર છે. તમને જણાવી દઈએ કે રજનીકાંત અને અમિતાભ બચ્ચનની ફિલ્મ ‘વેટ્ટૈયન’નું ટ્રેલર ૨ ઓક્ટોબરે રિલીઝ થવા જઈ રહ્યું છે. આ ફિલ્મ ૧૦ ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મના મેકર્સે હાલમાં જ રજનીકાંતનું નવું પોસ્ટર રિલીઝ કર્યું હતું, જેમાં તે ખૂબ જ સ્ટાઈલિશ લુકમાં જોવા મળી રહ્યો છે. ફિલ્મ ‘વેટ્ટૈયન’માં રજનીકાંત એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટના રોલમાં જોવા મળશે, જ્યારે અમિતાભ બચ્ચનનું પાત્ર એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટની સામે છે. આ ફિલ્મની બધા ફેન્સ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મમાં ફરી એકવાર બંને દિગ્ગજ કલાકારોની જોરદાર એક્ટિંગ જોવાનો મોકો મળશે. ભારત સરકારે રજનીકાંતને વર્ષ ૨૦૦૦માં પદ્મ ભૂષણ અને તે પહેલા ૨૦૧૬માં પદ્મ વિભૂષણથી સન્માનિત કર્યા છે. આ સિવાય તેમને ભારતીય સિનેમામાં શ્રેષ્ઠતા માટે શેવેલિયર શિવાજી ગણેશન પુરસ્કાર મળ્યો છે. ૪૫મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા ૨૦૧૪માં તેમને ભારતીય ફિલ્મ વ્યક્તિત્વ માટે શતાબ્દી પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે. ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા ૨૦૧૯ની ૫૦મી આવૃત્તિમાં તેણીને આઈકોન ઓફ ગ્લોબલ જ્યુબિલી એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી.

# કાજોલ- ક્રિતિની મિસ્ટ્રી થ્રિલર ‘દો પત્તી’ની રિલીઝ ડેટ જાહેર

## મિસ્ટ્રી થ્રિલરમાં ક્રિતિ સેનન પહેલી વાર ડબલ રોલમાં જોવા મળશે

ક્રિતિ સેનન અને કાજોલ પહેલી વાર ‘દો પત્તી’માં એક સાથે જોવા મળશે. આ એક મિસ્ટ્રી થ્રિલર ફિલ્મ છે, જેમાં ક્રિતિ ડબલ રોલમાં જોવા મળશે. આ ફિલ્મના મેકર્સ દ્વારા એક ખાસ વીડિયો બનાવવામાં આવ્યો છે, જેના દ્વારા આ ફિલ્મની રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે. ૨૫ ઓક્ટોબરે ‘દો પત્તી’ નેટફિલક્સ પર રિલીઝ થવાની છે. સોમવારે નેટફિલક્સ ઈન્ડિયા દ્વારા એક પ્રમોશનલ વીડિયો શેર કરવામાં આવ્યો છે. આ શોર્ટ વીડિયોની શરૂઆત એક એવા સીનથી થાય છે, જ્યાં કાજોલ એક કૅફેમાં બેસેલી હોય છે તે કેપેચિનો માંગે છે અને ત્યાં એને ક્રિતિ સેનન દેખાય છે. રસપ્રદ વાત એ છે કે આ ફિલ્મમાં કાજોલ એક પોલીસ ઓફિસરનો રોલ કરી રહી છે. તેમજ ક્રિતિ ડબલ રોલ કરી રહી છે. આ વીડિયોમાં ક્રિતિ કાજોલની નજરમાંથી બચતી જોવા મળે છે, પણ કાજોલ ક્રિતિ સામે બંદૂક તાકે છે અને તેને પ્રશ્નો પૂછે છે.તેના જવાબમાં ક્રિતિ જણાવે છે કે તે જીમમાં હતી, પરંતુ કાજોલ તેની ઉલટતપાસ ચાલુ રાખે છે અને તેને યાદ કરાવે છે કે પાપરાઝીએ તેને અઢી વાગે એક સેલોનની બહાર કૅમેરામાં કેદ કરી હતી. વીડિયોના અંતે આદેશ આપતી હોય એમ ક્રિતિને સાચું રહસ્ય જાહેર કરવા કહે છે, જેના જવાબમાં ક્રિતિ ફિલ્મની રિલીઝ ડેટ એટલે કે ૨૫ ઓક્ટોબર ૨૦૨૪ કહે છે. આ વીડિયો પોસ્ટ કરતા કૅપ્શનમાં લખવામાં આવ્યું હતું, ‘અબ હોગા ખેલ શુરુ, લેકિન ઈસ કહાની કે હે દો પહેલુ, દો પત્તી રિલીઝ થાય છે ૨૫ ઓક્ટોબરે માત્ર નેટફિલક્સ પર.’





|| દયાળુ જય સ્વામિનારાયણ ||
DevAashish®
Where Dreams Come Home
જોશો એટલે દિલ કહેશે
'ઘર હોય તો દેવ આશિષનું!'
AT NARODA
Dev Aashish pride & plaza
3 BHK - 63.88L*
• Possession Shortly • Sample House Ready
• Allotted Car Parking • 100% Dastavej
7874 00 40 00
GUJRERA.GUJARAT.GOV.IN RERA NO: PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/MAA06419/041219
B/h Capital Commercial Complex, Nr. Sahitya Hill and Icon, Naroda, Ahmedabad
FEW UNITS LEFT
2 BHK - 34.96L*
• Sample House Ready • Ready Possession
• Allotted Car Parking • 100% Dastavej
Dev Aashish Sky
Dev Aashish Sky Hanspura, 200ft Road, Naroda-Dehgam Road, Ahmedabad
78 78 78 6494
GUJRERA.GUJARAT.GOV.IN RERA NO: PR/GJ/AHMEDABAD/DASKROI/AUDA/MAA07349/190820
Dev Aashish pride+
2 BHK - 50.80L* | 3 BHK - 69.60L*
• Sample House Ready • 100% Dastavej
7874 00 40 00
GUJRERA.GUJARAT.GOV.IN RERA NO: PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/MAA10947/181122
Nr. Dev Aashish Pride & Plaza, 200 Ft. Road, Naroda-Dehgam Road, Ahmedabad.
FEW UNITS LEFT
2 BHK - 46.40L* | 3 BHK - 62.56L*
• 100% Dastavej
Dev Aashish Z+
Dev Aashish Z+ Opp. Hanspura Residency, Nr. D-Mart, Naroda-Dehgam Road, Ahmedabad
9512 381 381
GUJRERA.GUJARAT.GOV.IN RERA NO: PR/GJ/AHMEDABAD/DASKROI/AUDA/RAA08919/210821

### પીએમ મોદીએ બાળકો સાથે કચરો વાળ્યો

# સ્વચ્છ ભારત મિશન જેટલું સફળ થશે એટલો દેશ ચમકશે : વડાપ્રધાન

## હું તમને બધાને વિનંતી કરું છું કે તમે તમારી આસપાસ સ્વચ્છતા સંબંધિત અભિયાનનો ભાગ બનો : વડાપ્રધાન મોદી

। નવી દિલ્હી, તા.૨ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ગાંધી જયંતિ નિમિત્તે સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો હતો. તેમણે દિલ્હીમાં શાળાના બાળકો સાથે ફ્લોર સાફ કર્યો. આ પ્રસંગે વડાપ્રધાને લોકોને સ્વચ્છતા અભિયાનમાં ભાગ લેવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે હું તમને બધાને વિનંતી કરું છું કે તમે આજે તમારી આસપાસ સ્વચ્છતા સંબંધિત અભિયાનનો ભાગ બનો. તમારી આ પહેલ 'સ્વચ્છ ભારત'ની ભાવનાને વધુ મજબૂત કરશે. સ્વચ્છતા હી સેવા ૨૦૨૪' કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, જે ભારતનું સપનું ગાંધીજી અને દેશની મહાન હસ્તીઓએ જોયું હતું, આવો આપણે સૌ સાથે મળીને એ સપનું પૂરું કરીએ. આજનો દિવસ આપણને આ પ્રેરણા આપે છે. આજે ૨જી ઓક્ટોબરે હું ફરજની ભાવનાથી ભરપૂર છું અને એટલો જ ભાવુક પણ છું. આજે સ્વચ્છ ભારત મિશનની સફર ૧૦ વર્ષના સીમાચિહ્ન પર પહોંચી ગઈ છે.કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે છેલ્લા પખવાડિયામાં દેશભરમાં કરોડો લોકોએ 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમોમાં ભાગ લીધો છે. મને જાણ કરવામાં આવી છે કે 'સેવા પખવાડા'ના ૧૫ દિવસમાં દેશભરમાં ૨૭ લાખથી વધુ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૨૮ કરોડથી વધુ લોકોએ ભાગ લીધો હતો. સતત પ્રયત્નોથી જ આપણે આપણા ભારતને સ્વચ્છ બનાવી શકીશું. હું દરેક ભારતીયનો આભાર વ્યક્ત કરું છું.

કાર્યક્રમને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે આજે આ મહત્વપૂર્ણ સીમાચિહ્ન પર, સ્વચ્છતા સંબંધિત લગભગ ૧૦ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ પણ શરૂ કરવામાં આવ્યા છે. મિશન અમૃત અંતર્ગત દેશના અનેક શહેરોમાં વોટર અને સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવશે. નમામિ ગંગે સંબંધિત કામ હોય કે કચરામાંથી બાયોગેસ બનાવતા ગોબરધન પ્લાન્ટ, આ કામ સ્વચ્છ ભારત મિશનને નવી ઊંચાઈએ લઈ જશે.

### ઈઝરાયલ-ઈરાન યુદ્ધ અંગે ભારતનું પહેલું નિવેદન

# અમે પશ્ચિમ એશિયામાં સુરક્ષા સ્થિતિ બગડવાથી ખૂબ જ ચિંતિત છીએ !

## અમે વિનંતી કરીએ છીએ કે તમામ મુદ્દાઓ વાતચીત અને વ્યૂહનીતિના માધ્યમથી ઉકેલવામાં આવે : ભારતીય વિદેશ મંત્રાલયે આપેલી પ્રતિક્રિયા

। નવી દિલ્હી, તા.૨ ।



ઈરાનના ઈઝરાયલ પર મિસાઈલ એટેક અને બાદમાં વળતા પ્રહાર રૂપે ઈઝરાયલ વડાપ્રધાન નેતન્યાહૂ તરફથી આપવામાં આવેલી ધમકીએ પશ્ચિમ એશિયામાં મોટું યુદ્ધ શરૂ કરી દીધું છે. જોકે, આ મામલે હવે હવે ભારતે પણ પોતાની પ્રતિક્રિયા આપી છે.

પશ્ચિમ એશિયાની હાલત પર ભારતીય વિદેશ મંત્રાયલયે વાતચીત અને વ્યૂહનીતિના મુદ્દાને ઉકેલવાની અપીલ કરી છે. ભારતીય વિદેશ મંત્રાલયે પોતાના નિવેદનમાં કહ્યું કે, અમે પશ્ચિમ એશિયામાં સુરક્ષા સ્થિતિ બગડવાથી ખૂબ ચિંતિત છીએ અને તમામ સંબંધિત પક્ષોને સંયમ અને નાગરિકોની સુરક્ષાના આહ્વાનને પુનરાવર્તિત કરીએ છીએ. અમે વિનંતી કરીએ છીએ કે તમામ મુદ્દાઓ વાતચીત અને વ્યૂહનીતિના માધ્યમથી ઉકેલવામાં આવે.'ભારતીય વિદેશ મંત્રાલયે આ તણાવને લઈને કહ્યું, 'અમે પશ્ચિમ એશિયામાં વધતા તણાવને લઈને ચિંતિત છીએ. અમે આ વિસ્તારોમાં પોતાના નાગરિકોની રક્ષા કરવા માટે તત્પર છીએ. પશ્ચિમ એશિયામાં આશરે ૯૦ લાખ ભારતીયો રહે છે. તેમની સુરક્ષા અમારી પ્રાથમિકતા છે અને તે વાતચીતથી જ સંભવ છે. કોઈપણ વિવાદનો વ્યૂહનીતિથી ઉકેલ લાવવો જોઈએ. જરૂરી છે કે, આ વિવાદ મોટું રૂપ ન લે, નહીંતર આખા વિસ્તાર પર તેની વિપરિત અસર થશે. તેથી સંપૂર્ણ વિવાદનો ઉકેલ સંવાદ અને વ્યૂહનીતિથી લાવવામાં આવે.'

આ પહેલા પણ ભારત સરકાર નાગરિકો માટે એડવાઈઝરી રજૂ કરી ચૂકી છે. જેમાં જણાવાયું હતું કે, ભારતીયોએ ઈરાન જવાનું ટાળવું અને લેબેનોન તેમજ ઈઝરાયલમાં પણ સુરક્ષિત જગ્યાએ રહેવાની સલાહ આપવામાં આવી છે. બિનજરૂરી કામ માટે બહાર ન નીકળવાની તેમજ બિનજરૂરી યાત્રાઓ રદ્દ કરવાની સલાહ આપી છે. આ સિવાય ભારત સરકારે જે લોકો ઈરાનમાં રહે છે તેમને સલાહ આપી હતી કે, સાવધાનીથી રહેવું અને બિનજરૂરી યાત્રા ટાળવી.

### ન્યૂઝ બ્રિફ



## અનન્યા પાંડેના મતે ડીપફેક વીડિયો રોકવા સરકારી નીતિ આવશ્યક

। મુંબઇ, તા.૨ ।

અનન્યા પાંડેએ એક રસપ્રદ ફિલ્મમાં કામ કર્યું છે,'સીટીઆરએલ'. આ ફિલ્મ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર આધારીત છે. ત્યારે આઈફાની ગ્રીન કાર્પેટ વખતે અનન્યાએ આ સંદર્ભે તાજેતરમાં કહ્યું છે કે સરકારી વહીવટીતંત્રએ ટેક્નોલોજીનો દુરુપયોગ અટકાવવા માટે ચોક્કસ નીતિ ઘડવાની જરૂર છે. તાજેતરમાં જ આમિર ખાન, રણવીર સિંઘ, આલિયા ભટ્ટ અને રશ્મિકા મંદાના જેવા કલાકારો ડીપફેક વીડિયોનો શિકાર બની ચૂક્યા છે. આ સંદર્ભે અનન્યાએ કહ્યું,"આ બહુ ડરામણી સ્થિતિ છે. અમે લોકો પબ્લિક ફિગર છીએ તેથી અમારો અવાજ અને અમારા ચહેરાઓ દરેક સ્વરૂપે અનેક માધ્યમો પર ઉપલબ્ધ છે. મને ખ્યાલ નથી કે તેમાં અમે કઈ હદ સુધી બચી શકીએ તેમ છીએ. મને લાગે છે કે સરકારે કોઈ નીતિ ઘડવી જોઈએ, કદાચ હાલ એ એક જ રસ્તો છે." ડીપફેક એવી એક ડિજિટલ પદ્ધતિ છે, જેમાં યુઝર મૂળ વ્યક્તિને બદલે બીજા વ્યક્તિને એઆઈની મદદથી સહજ રીતે મુકી શકે છે. 'સીટીઆરએલ'ના ટ્રેલરમાં જોવા મળે છે કે અનન્યા એઆઈ એપ્લિકેશનને કહે છે કે તેના લવર જો (વિહાન સમ્રાટ)ને 'ઈરેઝ' કરવા કહે છે.

## જયપુરમાં તૃપ્તિ ડિમરીના પ્રમોશન ઈવેન્ટમાં ભારે હંગામો થયો

। જયપુર, તા.૨ ।

બોલિવૂડ અભિનેત્રી તૃપ્તિ ડિમરીની આગામી ફિલ્મ 'વિકી વિદ્યા કા વો વાલા વીડિયો'ના પ્રમોશન ઈવેન્ટમાં મંગળવારે વિવાદ થયો હતો. તૃપ્તિ પોતાની ફિલ્મના પ્રમોશન માટે જયપુર આવી હતી, પરંતુ તે આ કાર્યક્રમમાં ન આવવાને કારણે 'ફિક્કી ફ્લો જયપુર ચેપ્ટર'ની મહિલાઓએ તેના પોસ્ટરને બ્લેક માર્કરથી કાળા કરી દીધા હતા અને તેની ફિલ્મોનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી હતી.તૃપ્તિ 'ફિક્કી ફ્લો જયપુર ચેપ્ટર' દ્વારા આયોજિત કાર્યક્રમમાં ભાગ લેવાના હતા. તેણે બપોરે ૧:૩૦ વાગ્યા સુધીમાં ત્યાં પહોંચવાનું હતું. લગભગ ૧૨ વાગ્યાથી મહિલાઓ ત્યાં તેની રાહ જોવા લાગી. જ્યારે તૃપ્તિ અને તેમની ટીમે કાર્યક્રમમાં હાજરી આપી ન હતી, ત્યારે નારાજ મહિલાઓ સ્ટેજ પર ચઢી ગઈ હતી અને વિરોધ કર્યો હતો. 'ફિક્કી ફ્લો જયપુર ચેપ્ટર'ના ભૂતપૂર્વ ચેરપર્સન અલકા બત્રાએ સ્ટેજ પર જઈને તૃપ્તિના પોસ્ટરને કાળું કર્યું, જેનાથી કાર્યક્રમમાં હોબાળો મચી ગયો.

## દિલ્હીમાં ઈન્ટરનેશનલ ડ્રગ્સ સિન્ડિકેટનો પર્દાફાશ, ૨૦૦૦ કરોડનું કોકેઈન જપ્ત

। નવી દિલ્હી, તા.૨ ।

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલને આજે બુધવારે મોટી સફળતા પ્રાપ્ત થઈ છે. સ્પેશિયલ સેલે ઈન્ટરનેશનલ ડ્રગ્સ સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો છે અને ૫૦૦ કિલોથી વધુના કોકેઈનની રિકવર કરી છે તેમજ આ રેકેટમાં સામેલ ૪ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. કોકેઈનના આ મોટા કન્સાઈનમેન્ટની કિંમત ૨ હજાર કરોડ રૂપિયાથી વધુ હોવાનું કહેવાય છે

દિલ્હી પોલીસે કહ્યું કે, ૨૦૦૦ કરોડ રૂપિયાથી વધુની કિંમતનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. રાજધાની દિલ્હીમાં અત્યાર સુધીની આ સૌથી મોટી ડ્રગ્સ રિકવરી છે. મળતી માહિતી મુજબ, દક્ષિણ દિલ્હીના દરોડા પછી ચારેય આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.મળતી માહિતી મુજબ, કોકેઈનના આ મોટા કન્સાઈનમેન્ટ પાછળ આંતરરાષ્ટ્રીય ડ્રગ સ્મગલિંગ ગેંગનો હાથ છે. દિલ્હી પોલીસની આ કાર્યવાહી ડ્રગ્સની દાણચોરી વિરુદ્ધ ચાલી રહેલા અભિયાનનો એક ભાગ છે, જેમાં દિલ્હી પોલીસ આ કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓની પૂછપરછ કરી રહી છે, જેમાં ઘણા ખુલાસા થવાની સંભાવના છે.

### બિહારમાં મોટી દુર્ઘટના

## પૂરગ્રસ્તોની બચાવ કામગીરી વેળા એરફોર્સનું હેલિકોપ્ટર ક્રેશ

### બિહારના સીતામઢીમાં એડવાન્સ લાઇટ હેલિકોપ્ટરને સાવચેતીભર્યું લેન્ડિંગ કરવું પડ્યું : દરેક જણ સુરક્ષિત

। મુઝફ્ફરપુર, તા.૨ ।

બિહારના મુઝફ્ફરપુરમાં બુધવારે એક મોટો અકસ્માત થયો હતો. અહીં એરફોર્સનું હેલિકોપ્ટર સેફ લેન્ડિંગ થઈને પાણીમાં પડી ગયું હતું.

એરફોર્સે તેને સાવચેતીભર્યું લેન્ડિંગ ગણાવ્યું છે અને હેલિકોપ્ટરમાં સવાર ત્રણેય કર્મચારીઓ સુરક્ષિત છે. જણાવવામાં આવી રહ્યું છે કે આ હેલિકોપ્ટર મુઝફ્ફરપુરના ઔરાઈ સ્થિત ઘનશ્યામપુરમાં ક્રેશ થયું છે. હેલિકોપ્ટર પૂર રાહત સામગ્રી પહોંચાડવાનું કામ કરી રહ્યું હતું.. ભારતીય વાયુસેનાએ કહ્યું કે બિહારના સીતામઢીમાં પૂર રાહત કામગીરી દરમિયાન એડવાન્સ લાઈટ હેલિકોપ્ટરને સાવચેતીભર્યું લેન્ડિંગ કરવું પડ્યું. હેલિકોપ્ટરમાં બે પાયલટ સહિત ત્રણ જવાન હતા. દરેક જણ સુરક્ષિત છે.બિહારમાં પૂરની સ્થિતિ ગંભીર છે. નેપાળમાં ભારે વરસાદ અને પૂર પછી, ૨૯ સપ્ટેમ્બરના રોજ કોસી બેરેજ, વીરપુરમાંથી ૬,૬૧,૨૯૫ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. ૧૯૬૮ પછી આ સૌથી વધુ પાણી છોડવામાં આવ્યું છે. આ બેરેજમાંથી ૧૯૬૮માં મહત્તમ ૭.૮૮ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. આ કારણે બિહાર અને યુપીના અનેક જિલ્લાઓમાં પૂરનું સંકટ ઉભું થયું છે.રાજ્યના ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના જણાવ્યા અનુસાર, આપત્તિની સ્થિતિને ધ્યાનમાં રાખીને, ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટરની મદદથી, સીતામઢી અને દરભંગા જિલ્લાના બે જિલ્લાઓમાં પાણીથી ઘેરાયેલા ગામોમાં ફૂડ પેકેટ્સ વહેંચવામાં આવી રહ્યા હતા . અસરગ્રસ્ત વસ્તીમાંથી લગભગ ૨,૨૬,૦૦૦ લોકોને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ અને સ્થાનિક બોટ દ્વારા સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે.

### હાઇકોર્ટે માન્યો રેયરેસ્ટ ઓફ રેયર કેસ

# પુત્રએ માતાનું મર્ડર કર્યું, હૃદય-લીવર, કિડની કાઢી, પછી મીઠું-મરચું નાંખીને ખાઇ ગયો !!

### માતાની હત્યા કરનારો ઘાતકી પુત્રની ફાંસીની સજાને બોમ્બે હાઇકોર્ટે યથાવત રાખી હતી

। મુંબઈ, તા.૨ ।

મહારાષ્ટ્રમાંથી એક સનસનીખેજ હત્યાની ઘટના સામે આવી છે. ખરેખરમાં, અહીં ખુદ પુત્રએ પોતાની માતાની હત્યા કરી અને બાદમાં ક્રૂરતાની તમામ હદો પાર કરી દીધી હતી. આ ઘટનામાં માતાની હત્યા કરનારો ઘાતકી પુત્રની ફાંસીની સજાને બૉમ્બે હાઈકોર્ટે યથાવત રાખી છે. મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં ૨૦૧૭માં બનેલા આ હત્યા કેસમાં આરોપી પુત્રએ દારૂના પૈસા આપવાનો ઈનકાર કરતા તેની માતાની હત્યા કરી નાંખી હતી. આ પછી તેના શરીરના ભાગોને બહાર કાઢીને મીઠું અને મરચું ભભરાવીને ખાવામાં આવ્યા હતા.

૨૮ ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ, કોલ્હાપુરના મકડવાલા વસાહત વિસ્તારમાં, એક પુત્ર તેની ૬૩ વર્ષની માતા પાસેથી દારૂ પીવા માટે પૈસા માંગી રહ્યો હતો, જેના કારણે માતા તેને દારૂ પીવાની ના પાડી રહી હતી, અને તેને પૈસા આપતી ન હતી, પુત્ર ગુસ્સે થયો અને માતાની ક્રૂરતાપૂર્વક નિર્દયતાથી હત્યા કરી નાંખી. આ પછી પણ તેની ક્રૂરતા અટકી ન હતી અને તેણે તેની માતાના તીક્ષ્ણ હથિયારથી ટૂકડા કરવા માંડ્યા, તેના આંતરિક અંગો બહાર કાઢ્યા, પહેલા મગજ બહાર કાઢ્યું, પછી છરી વડે હૃદય બહાર કાઢ્યું અને પછી એક પછી એક તેના લીવર, કિડની અને આંતરડા બહાર કાઢ્યા હતા.

આરોપી પુત્રએ તેની માતાનું હૃદય, મગજ, લીવર અને કીડની એક તપેલીમાં નાખીને મીઠું અને મરચુ નાંખીને ખાવાનું શરૂ કર્યું. આ જોઈને પડોશીઓનું પણ હૃદય હચમચી ગયું. તેણે ફોન કરીને પોલીસને બોલાવી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને આરોપીની ધરપકડ કરી હતી અને તેણે પોતાનો ગુનો કબૂલી લીધો હતો.

એ નરાધમ પુત્રનું નામ સુનીલ કુચકોરવી છે. તેણે તેની માતા યલ્લામા રામા કુચકોરવીની નિર્દયતાથી હત્યા કરી હતી. વર્ષ ૨૦૨૧માં સ્થાનિક કોર્ટે તેને મોતની સજા સંભળાવી હતી. આની સામે તેણે બૉમ્બે હાઈકોર્ટમાં અરજી કરી હતી. લગભગ ત્રણ વર્ષની સુનાવણી બાદ બૉમ્બે હાઈકોર્ટે ૧ ઓક્ટોબરે કોલ્હાપુર કોર્ટના નિર્ણયને યથાવત રાખ્યો હતો. હાઈકોર્ટે આને 'રેયરેસ્ટ ઓફ રેર કેસ' ગણાવ્યો છે.

જસ્ટિસ રેવતી મોહિતે ડેરે અને પૃથ્વીરાજ ચવ્હાણની ડિવિઝન બેંચે કહ્યું કે તે દોષિત સુનીલ કુચકોરવીની ફાંસીની સજાની પુષ્ટિ કરે છે. કોર્ટનું માનવું છે કે ગુનાહિત સુધારાની કોઈ શક્યતા નથી. આ આદમખોરનો કેસ છે.

તેણે માત્ર તેની માતાની જ હત્યા કરી ન હતી પરંતુ તેના શરીરના અંગોને રાંધીને ખાવાનું પણ શરૂ કર્યું હતું. ગુનેગાર સુનીલ કુચકોરવીમાં સુધારાની કોઈ શક્યતા નથી, કારણ કે તેનામાં નરભક્ષી વર્તનની વૃત્તિ છે. જો તેને આજીવન કેદની સજા આપવામાં આવશે તો તે જેલમાં પણ આ જ વર્તન રાખશે.

## પુણેના બાવધન બુદ્રુક વિસ્તારમાં સવારે એક હેલિકોપ્ટર ક્રેશ થયું

। પુણે, તા.૨ ।

પુણેના બાવધન બુદ્રુક વિસ્તારમાં બુધવારે સવારે એક હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. આ અકસ્માતમાં ત્રણ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યાં છે. આ વિસ્તાર પુણે-બેંગ્લોર હાઈવેથી થોડે દૂર છે. અહીં એક ટેકરી પર ઓક્સફર્ડ કાઉન્ટી રિસોર્ટ છે. આ હેલિકોપ્ટરે આજે સવારે અહીંના હેલિપેડ પરથી ઉડાન ભરી હતી.

કહેવામાં આવી રહ્યું છે કે પહાડી વિસ્તારમાં ધુમ્મસના કારણે હેલિકોપ્ટર ક્રેશ થયું છે. દુર્ઘટના બાદ તરત જ હેલિકોપ્ટરમાં આગ લાગી હતી. અને તેમાં સવાર ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. અકસ્માતનું સ્થળ ઓક્સફર્ડ કાઉન્ટીમાં બાવધન બુદ્રુક હતું.

## કોર્ટે પહેલી વાર ફટકારી આજીવન કારાવાસની સજા

। બરેલી, તા.૨ ।

ઉત્તર પ્રદેશના બરેલીની એક કોર્ટે એક મુસ્લિમ યુવકને લવ જેહાદના આરોપમાં આજીવન કેદની સજા ફટકારી છે. દેશમાં પહેલી વાર લવ જેહાદના કેસમાં આજીવન કારાવાસની સજા થઈ છે. એડિશનલ સેશન્સ જજ રવિ કુમાર દિવાકરે કહ્યું કે લવ જેહાદ હેઠળ મુસ્લિમ પુરુષો સંપૂર્ણ પ્લાનિંગ સાથે હિન્દુ મહિલાઓને નિશાન બનાવી રહ્યા છે. તેમની સામે, તેઓ પ્રેમના ઢોંગમાં લગ્ન કરે છે અને પછી તેઓ ઈસ્લામ અંગીકાર કરવાની ફરજ પાડે છે. દેશની કોઈ અદાલતે લવ જેહાદને લઈને આવી ટિપ્પણી કરી હોય તેવું કદાચ પહેલીવાર બન્યું છે.આ કેસમાં આરોપી મોહમ્મદ આલીમે પીડિતાને તેનું નામ આનંદ જણાવ્યું હતું. ત્યારબાદ તેણે તેની સાથે પ્રેમનું નાટક કરીને તેની સાથે લગ્ન કરી લીધાં હતા અને પછી રેપ કર્યો હતો. આ દરમિયાન તેના ફોટોગ્રાફ્સ અને વીડિયો પણ ઉતારી લીધાં હતા અને રેકોર્ડ વીડિયોને આધારે તેણી પર અનેક વાર બળાત્કાર કર્યો હતો. જજ રવિ કુમાર દિવાકરે કહ્યું કે લવ જેહાદનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતમાં પોતાની સત્તા સ્થાપિત કરવાનો છે.

### વિનેશ ફોગાટનો દાવો | વડાપ્રધાન સાથેની કોઈપણ વાતચીત રેકોર્ડ કરવા માંગતી હતી : ભારતીય અધિકારીઓએ આ શરત સ્વીકારી ન હતી

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ફોન આવ્યો હતો, પરંતુ મેં વાત ન કરી

। નવી દિલ્હી, તા.૨ ।



ભૂતપૂર્વ ભારતીય મહિલા રેસલર વિનેશ ફોગાટ છેલ્લા કેટલાક સમયથી ચર્ચામાં છે. પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ૫૦ કિગ્રા કુસ્તીની ફાઈનલ મેચના દિવસે વજનને કારણે તેણીને ગેરલાયક ઠેરવવામાં આવી હતી. જ્યારે તે તૂટી પડી ત્યારે શું તેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ફોન આવ્યો હતો? વિનેશ ફોગટે પોતે કહ્યું કે હા, પરંતુ તેણે મોદી સાથે વાત કરી ન હતી. તેનું કારણ એ હતું કે તે પોતે વડાપ્રધાન સાથેની કોઈપણ વાતચીત રેકોર્ડ કરવા માંગતી હતી. ભારતીય અધિકારીઓએ આ શરત સ્વીકારી ન હતી, તેથી તેઓએ વાત કરવાનો ઈનકાર કર્યો હતો.

વિનેશ ફોગાટે લલ્લનટોપને આપેલા ઈન્ટરવ્યુંમાં મોટા ખૂલાસા કર્યા છે. વિનેશ ફોગાટે કહ્યું, "કોલ આવ્યો હતો. મેં ના પાડી. મને સીધો ફોન આવ્યો ન હતો, પરંતુ ત્યાં રહેલા ભારતીય અધિકારી પર ફોન આવ્યો હતો. તેમને મને કહ્યું કે પીએમ મોદી વાત કરવા માંગે છે, અને મેં કહ્યું ઠીક છે. તેમણે કહ્યું કે તમારી પાસે કોઈ માણસ નહીં હોય, અમારી ટીમના બે લોકો હશે, એક વીડિયો શૂટ કરશે અને એક વાત કરાવશે અને વીડિયો સોશિયલ મીડિયા પર જશે. તો મેં એમને સ્પષ્ટ ના પાડી દીધી હતી.

"હું સોશિયલ મીડિયા પર મારી લાગણીઓપ મારી મહેનતપની મજાક નહીં બનાવું. જો તેમને ખરેખર કોઈ ખેલાડી પ્રત્યે સહાનુભૂતિ હોય તો તે રેકોર્ડિંગ વગર વાત કરી શકે છે તો હું ખૂબ આભારી રહીશ. " તેઓ કદાચ જાણે છે કે વિનેશ તેમને ફોન નહીં કરે જે દિવસે તેઓ વાત કરશે એ દિવસે તે ૨ વર્ષનો હિસાબ માંગશે. અમે રેકોર્ડિંગ કરીશું. તેઓ તેમના સ્તરે કાપી શકે છે, પરંતુ હું નહીં; હું મૂળ પોસ્ટ કરીશ, પરંતુ ચર્ચા દરમિયાન તેમને મને ના પાડી દીધી હતી. લગભગ બે વર્ષ પહેલાં તેમણે રેસલિંગ મહાસંઘના પ્રમુખ સામે મોરચો ખોલ્યો હતો, મહિલા કુસ્તીબાજોએ તત્કાલિન પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંઘ પર ગંભીર આરોપ લગાવ્યા હતા. આ પછી તેઓ પોલીસ સાથે ઘર્ષણબાદ અનેક મહિનાઓ સુધી હડતાળ પર રહ્યા હતા.

### હિન્દુ ઓળખ ધારણ કરીને ૧૦ વર્ષથી રહેતા હતા | મુસ્લિમ પરિવારે પોતાનું નામ શંકર શર્મા, આશા રાની, રામ બાબુ શર્મા અને રાની શર્મા રાખ્યું હતું

# હિન્દુ ઓળખ ધારણ કરીને રહેતો પાક-બાંગ્લાદેશી પરિવાર ઝડપાયો

। બેંગલુરુ, તા.૨ ।

બેંગલુરુમાં પોલીસે ચાર લોકોની ધરપકડ કરી છે જેઓ તેમની ઓળખ છુપાવી રહ્યા હતા. પોલીસે જણાવ્યું કે શંકાસ્પદ રાશિદ અલી સિદ્દીકી, તેની પત્ની આયેશા, તેના પિતા હનીફ મોહમ્મદ અને માતા રૂબીના રાજાપુરા ગામમાં શર્મા પરિવાર તરીકે રહે છે. મુસ્લિમ પરિવારે પોતાનું નામ શંકર શર્મા, આશા રાની, રામ બાબુ શર્મા અને રાની શર્મા રાખ્યું.

પાકિસ્તાનીઓની ધરપકડ કરી હતી. તેમની ધરપકડ બાદ ઈન્ટેલિજન્સ અધિકારીઓ પાસેથી માહિતી મળ્યા બાદ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. ઢાકાથી ચેન્નાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આવી રહેલા પાકિસ્તાની લોકો નકલી પાસપોર્ટ સાથે ઈમિગ્રેશન અધિકારીઓના હાથે ઝડપાઈ ગયા હતા. તપાસમાં જાણવા મળ્યું કે તેઓ સિદ્દીકીના સંબંધી છે.

રવિવારે સિદ્દીકી અને તેનો આખો પરિવાર પોતાનો સામાન પેક કરી રહ્યો હતો. તે જ સમયે પોલીસની એક ટીમ આરોપીને પકડવા પહોંચી હતી. પૂછપરછ બાદ સિદ્દીકીએ પોતાની ઓળખ શર્મા તરીકે જાહેર કરી અને કહ્યું કે તે ૨૦૧૮થી બેંગલુરુમાં રહે છે. એટલું જ નહીં તેણે પરિવારનો ભારતીય પાસપોર્ટ અને આધાર કાર્ડ પણ બતાવ્યું. આમાં દરેકના નામ હિન્દુ હતા. જ્યારે તેઓ ઘરમાં પ્રવેશ્યા ત્યારે પોલીસ ચોંકી ઉઠી અને દિવાલ પર મેંહદી ફાઉન્ડેશન ઈન્ટરનેશનલ જશન-એ-યુનુસ લખેલું જોવા મળ્યું. પોલીસ ટીમને ઈસ્લામિક ધર્મગુરુઓના ફોટોગ્રાફ્સ પણ મળી આવ્યા હતા. જ્યારે પોલીસે આરોપીની પૂછપરછ કરી તો સિદ્દીકી ઉર્ફે શંકર શર્માએ જણાવ્યું કે તે પાકિસ્તાનના કરાચીના લિયાકતાબાદનો રહેવાસી છે. તેની પત્ની અને તેનો પરિવાર લાહોરનો હતો. તેણે જણાવ્યું કે તેણે ૨૦૧૧માં એક ઓનલાઈન સેરેમનીમાં આયેશા સાથે લગ્ન કર્યા હતા. તે તેના માતા-પિતા સાથે બાંગ્લાદેશમાં હતી. જો કે, તેમના દેશમાં ધાર્મિક નેતાઓ દ્વારા અત્યાચાર ગુજારવામાં આવતાં તેમને પાકિસ્તાનથી બાંગ્લાદેશ જવાની ફરજ પડી હતી.એફઆઈઆર મુજબ, તે બાંગ્લાદેશ ગયો અને ઉપદેશક તરીકે કામ કર્યું અને મેહદી ફાઉન્ડેશને તેનો ખર્ચ ઉઠાવ્યો. પરંતુ ૨૦૧૪માં બાંગ્લાદેશમાં સિદ્દીકી પર ફરી હુમલો થયો અને તેણે ભારતમાં મેહદી ફાઉન્ડેશનના પરવેઝ નામના વ્યક્તિનો સંપર્ક કર્યો.

A Project By
GIRIVAR BUILDCON

અલ્ટ્રા અમેનીટીઝ સાથે,

પ્રાઈમ લિવિંગ

@ NEW SHAHIBAUG

Sreevas

3 BHK & SHOPS



+91 95370 00497 | 77779 20026

Near S.B. Farm, New Shahibaug, Nana Chiloda - 382330

RERA NO. PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY.AUDA/MAA11835/230523 | GUJRERAR1.GUJARAT.GOV.IN

FOR LOCATION

**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya

CMYK